।। साधनदीपिका ।।

ता नः श्रीतात-पत्-पद्मरेणवः कामधेनवः ।।
नाकस्य तरवोऽन्येषां स्युः कल्पतरवो यथा ।।१।।

भावार्थ

जेसें अन्यन्की इच्छाकी पूर्ति करिवेवारे स्वर्गके वृक्षें ओर कामधेनु होत हें तेसें हमारेलिये तो हमारे पिता महाप्रभु श्रीवल्लभाचार्यके चरणकमलन्की रज ही कल्पतरु अरु कामधेनु समान होउ ।।१।।

ગુજરાતી અનુવાદ

જેમ બીજાઓની ઇચ્છાપૂર્તિ કરવાવળા સ્વર્ગના કલ્પવૃક્ષ અને કામધેનુ હોય છે તેમ અમારામાટે તો અમારા પિતા મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યના ચરણકમળની રજ કલ્પતરુ અને કામધેનુ સમાન થાઓ ॥૧॥

श्रुति-स्मृति-शिरोरत्न-नीराजित-पदाम्बुजम् ।।
यशोदोत्सङ्गललितं वन्दे श्रीनन्दनन्दनम् ।।२।।

भावार्थ

श्रुति-स्मृतिरूपी उत्तम रत्नन्सों जिनके चरणकमल शोभायमान हें एसें श्रीयशोदाजीकी गोदमें क्रीडा करते श्रीनन्दरायजीके पुत्र श्रीकृष्णकों में वन्दन करत हों ।।२।।

ગુજરાતી અનુવાદ

શ્રુતિ- સ્મૃતિ રૂપી ઉત્તમ રત્નોથી જેઓના ચરણકમળ અત્યન્ત શોભી રહ્યાં છે એવા યશોદાના ખોળામાં ખેલતા, નન્દનન્દ શ્રીકૃષ્ણને હું વન્દન કરું છું ॥૨॥

भक्तिमार्ग-वितानाय योऽवतीर्णो हुताशनः ।।
सएव नः परं मानं शेषमस्य प्रमान्तरम् ।।३।।

भावार्थ

भक्तिमार्गको प्रचार करिवेकों वैश्वानरस्वरूप श्रीवल्लभाचार्यचरणन्ने भूतलपें अवतार धारण कियो सो विनके वचन ही हमकों परम प्रमाणरूप हें, अन्य सब प्रमाण विनके वचनन्के अङ्गभूत अथवा विनसों गौण प्रमाण हें ।।३।।

ગુજરાતી અનુવાદ

ભક્તિમાર્ગનો પ્રચાર કરવામાટે વૈશ્વાનરસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યચરણોએ ભૂતળ ઉપર અવતાર ધારણ કર્યો છે તેમના વચનોજ અમારામાટે પરમ પ્રમાણરૂપછે. બીજા પ્રમાણો એના અઙ્ગભૂત અથવા તેની સરખામણીમાં ગૌણ છે ॥૩॥

वेदत्रयी-शिरोभाग-सूत्र-व्याख्यान-सम्मताम् ।।
भक्तिशास्त्रानुसारेण कुर्वे साधनदीपिकाम् ।।४।।

भावार्थ

तीनों वेदके शिरोभागरूप उपनिषद्पें लिखे गये ब्रह्मसूत्रके उपर महाप्रभु श्रीवल्लभाचार्यचरण विरचित भाष्यतें अविरुद्ध प्रकारसों भक्तिशास्त्रके अनुसार 'साधनदीपिका' ग्रन्थकी रचना में करूं हूं. ।।४।।

ગુજરાતી અનુવાદ

ત્રણે વેદોના શિરોભાગરૂપ ઉપનિષદ્ ઉપર લખાયેલા બ્રહ્મસૂત્ર પરના મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ભાષ્યથી અવિરુદ્ધ પ્રકારે ભક્તિશાસ્ત્રના અનુસાર 'સાધનદીપિકા' ગ્રન્થની રચના હું કરું છું ॥૪॥

(श्रीहरिभजनकी आवश्यकताके उपपादनके साथ ग्रन्थको उपक्रम)

''आत्मा वार'' इति श्रुत्या दर्शनैकफलो विधिः ।।
श्रवणाद्यैः प्रतिज्ञातः ''तं भजेत्''-''तं रसेदि''ति ।।५।।
''तस्माद् भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः ।।
श्रोतव्यः कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छताभयम्'' ।।६।।
पुरुषस्याविशेषेण संसारं प्रजिहासतः ।।
हरेर् आराधने मुक्तिः.....

भावार्थ

''आत्माको दर्शन करनो चहिये, श्रवण करनो चहिये, मनन करनो चहिये, निदिध्यासन करनो चहिये'' या श्रुतिवचनमें परमात्मदर्शनके अर्थ परमात्माके श्रवण-मनन-निदिध्यासनकी आज्ञा हे.।। ।। तेसें ही ''वाको भजन करे'' ''वाको रसानुभव करे'' एसेहु श्रुतिवचन हें ।।५।।

श्रुतिकी न्यांई स्मृतिमें हु ''तासों हे भारत ! अभय प्राप्त करिवेकी इच्छा राखिवेवारे मनुष्यकूं सबन्के आत्मा, भगवान्, ईश्वर श्रीहरिको

श्रवण-कीर्तन-स्मरण करने चहिये'' एसें कह्यो हे ।।६।।

इन सब वचनन्सों यह सिद्ध होत हे के अहन्ता-ममतात्मक संसारकूं छांड़िवेकी इच्छा करिवेवारे मनुष्यकों प्रभुको आराधन ही मुक्तिरूप जाननो ।।७।।

ગુજરાતી અનુવાદ

“આત્માનું દર્શન કરવું જોઇએ, શ્રવણ કરવું જોઇએ, મનન કરવું જોઇએ, નિદિધ્યાસન કરવું જોઇએ'' આ શ્રુતિવચનમાં પરમાત્મદર્શનમાટે પરમાત્માના શ્રવણ-મનન-નિદિધ્યાસન કરવાની આજ્ઞા છે.*** *** તે જે પ્રમેણે “તેનું ભજન કરે'' “તેનો રસાનુભવ કરે'' એવા વચનો પણ છે ॥૫॥

શ્રુતિની જેમ સ્મૃતિમાં પણ “માટે હે ભારત! સર્વાત્મા, ભગવાન્, હરિ, ઇશ્વરનું અભય ઇચ્છતા મનુષ્યે શ્રવણ-કીર્તન-સ્મરણ કરવું જોઇએ'' એમ કહ્યું છે ॥૬॥

આ બધા વચનોથી એ સિદ્ધ થાય છે કે અહન્તા-મમતાત્મક સંસારને છોડવાની ઇચ્છાવાળા મનુષ્યે પ્રભુના આરધનનેજ મુક્તિરૂપ જાણવું ॥૭ ૧/૨॥

(तहां क्यों अरु केसो गुरु आवश्यक होत हे ताको निरूपण)

।तत्प्रकारो निरूप्यते ।।७।।

“माहात्म्यज्ञानपूर्वोहि सुदृढः सर्वतोऽधिकः ।।
स्नेहो‘भक्ति’रिति प्रोक्तः तया मुक्तिर्न चान्यथा” ।।८।।
माहात्म्यज्ञापनायैव श्रवणं गुणकर्मणाम् ।।
शास्त्राणाम् उपयोगोऽत्र तत्राकांक्षा गुरोर् भवेत् ।।९।।
“कृष्णसेवा-परं वीक्ष्य दम्भादि-रहितं नरम् ।।
श्रीभागवततत्त्वज्ञं भजेत् जिज्ञासुरादरात्” ।।१०।।

भावार्थ

तासों अब भगवद्भजनरूप मुक्तिकी प्राप्ति जा साधनसों होय वा साधनके प्रकारको निरूपण करत हों.शास्त्रमें भक्तिके लक्षणको निरूपण “प्रभुके माहात्म्यके ज्ञान पूर्वक प्रभुमें सुदृढ अरु सबसों अधिक स्नेह इतनें भक्ति एसें कह्यो हे. ।।७।।

एसी भक्तिसों ही मुक्ति होत हे, अन्य काहु प्रकारसों मुक्ति नाहीं होत हे” या प्रकारसों कह्यो हे ।।८।।

या वचनमें प्रभूनके गुण-कर्मन्को श्रवण करनो ताकों माहात्म्यज्ञानको साधन कह्यो हे.।। ।। सो तो शास्त्रतें होई सकत हे तातें शास्त्रके अध्ययनकी आवश्यकता परत हे.।। ।। शास्त्रको अध्ययन गुरु विना नसम्भवे तातें गुरुकों ही सर्वप्रथम साधन मान्यो गयो हे ।।९।।

तातें प्रभूनको माहात्म्यज्ञान प्राप्ति करिवेकी इच्छावारो जीव जो कृष्णसेवामें तत्पर होय, दम्भ आदिसों रहित होय अरु श्रीमद्भागवतपुराणके तत्त्वकों जानिवेवारे नरको परीक्षण करिके आदरसों भजन करे ।।१०।।

ગુજરાતી અનુવાદ

'તેથી હવે ભગવદ્ભજનરૂપી મુક્તિની પ્રાપ્તિ જે સાધનથી થઇ શકે તે સાધનનું નિરૂપણ કરવામાં આવે છે. શાસ્ત્રમાં ભક્તિના લક્ષણનું કથન ''પ્રભુના માહાત્મ્યના જ્ઞાન પૂર્વક પ્રભુમાં સુદૃઢ અને સહુથી અધિક સ્નેહ એટલે 'ભક્તિ'. આવી ભક્તિથી જમુક્તિ મળે છે, અન્ય કોઇ પ્રકારે નહીં'' આ પ્રમાણે કહ્યું છે. ॥૭॥

આ વચનમાં પ્રભુના ગુણ-કર્મોનું શ્રવણ કરવું તેને માહાત્મ્યજ્ઞાનનું સાધન કહેવામાં આવ્યું છે. આ કાર્ય તો શાસ્ત્રથીજ થવું શક્ય હોવાથી સર્વપ્રથમ શાસ્ત્રના અધ્યયનની આવશ્યકતા હોય છે. શાસ્ત્રનું અધ્યયન ગુરૂ વિના થઇ ન શકે તેથી સર્વપ્રથમ સાધન ગુરૂને માનવામાં આવે છે. ॥૮॥

તેથી પ્રભુના માહાત્મ્યજ્ઞાનને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો મનુષ્ય જે કૃષ્ણસેવામાં તત્પર હોય, દમ્ભ આદિથી રહિત હોય અને શ્રીભાગવતપુરાણના તત્ત્વને જાણતો હોય તેવા નરની પરીક્ષા કરીને આદરથી ભજન કરે. ॥૯॥

(स्वमार्गीय गुरुको प्रथम कर्तव्यः भगवत्प्रपत्तिके काज दैवी जीवन्कों प्रेरित करनों)देहद्रोण्या यियासूनां परं पारं भवाम्बुधेः ।।

गुरुणा कर्णधारेण ह्युत्तार्या स्वोपदेशतः ।।११।।
''यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै ।।

तं हृदेवम् आत्म-बुद्धिप्रकाशं मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये'' ।।१२।।
''सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज '' ।।
इति श्रुत्या तथा स्मृत्या प्रपत्त्यादेशमादितः ।।१३।।

भावार्थ

देहरूपी नावके द्वारा संसारसमुद्रकी पल्लीपार जायवेकी इच्छावारेकी नावकों ताको कर्णधार - नाव खेयवेवारो गुरु अपने उत्तम उपदेशन्तें पार उतारे ।।११।।

श्वेताश्वतर उपनिषद्में कह्यो हे जो ''जो पूर्वमें ब्रह्माजीकों प्रकट करत हे अरु तिनकों वेदन्कों दान देत हें वा आत्मबुद्धिसों प्रकाशित होयवेवारे देवकी शरणमें मैं जात हों'' ।।१२।।

भगवद्गीतामेंहु भगवान्नें स्वमुखसों अर्जुनकों आज्ञा कीनि हे जो ''सब धर्मन्को त्याग करिके केवल मेरे शरण आव'' एसें श्रुति अरु स्मृति में सर्व प्रथम शरणागत होयवेको आदेश हे ।।१३।।

ગુજરાતી અનુવાદ

દેહરૂપી હોળીદ્વારા સંસારસમુદ્રના પેલે પાર જવાની ઇચ્છાવાળાની નાવને, તેનો કર્ણધાર - નાવિક ગુરુ પોતાના ઉત્તમ ઉપદેશોથી, પેલે પાર ઉતારે. ॥૧૧॥

શ્વેતાશ્વતર ઉપનિષદ્માં કહ્યું છે કે "જે પૂર્વે બ્રહ્માજીને પ્રકટ કરે છે અને તેઓને ત્રણ વેદોનું દાન કરે છે તે આત્મ-બુદ્ધિથી પ્રકાશિત થનાર દેવને શરણે હું જાઉં છું. ॥૧૨॥

ભગવદ્ગીતામાં પણ ભગવાને સ્વમુખે અર્જુનને આજ્ઞા આપી છે કે "બધા ધર્મોનો ત્યાગ કરીને કેવળ મારા શરણે આવ". આમ શ્રુતિ અને સ્મૃતિ માં સર્વ પ્રથમ શરણાગત થવાનો આદેશ છે. ॥૧૩॥

(स्वमार्गीय द्विजकुलके शिष्यन्को कर्तव्य)

प्रेम्णोपदेश-श्रवणात् प्रपत्तिः प्रेम-कारणम् ।।
अतो मूलाभिषेको हि कार्यस् तेनास्य सेवने ।।१४।।
नहि देहभृता शक्यं कर्म त्यक्तुम् अशेषतः ।।
अतः स्वधर्माचरणं भार-द्वैगुण्यम् अन्यथा ।।१५।।
स्वधर्माचरणं शक्त्या ह्यधर्मात्तु निवर्तनम् ।।
इन्द्रियाश्व-विनिग्राहः सर्वथा नत्यजेत् त्रयं ।।१६।।
इति भागवतो धर्मः श्रीमदाचार्य-सम्मतः ।।
भक्ति-शास्त्रानुकूल्येन स्वधर्माचरणं भवेत् ।।१७।।

भावार्थ

उपर्युक्त लक्षणवारे गुरुके मुखतें श्रद्धाप्रेमसों भगवच्छास्त्रके उपदेशको श्रवण करिवेतें भक्तिके कारणरूप भगवान्को शरण सिद्ध होत हे. कलिकालमें कल्याणकारी सब शास्त्रीय साधन जब दुःसाध्य होय गये हें तब अन्यान्य साधनन्में श्रम नाहीं करिके सर्वमूलभूत भगवत्-शरणरूप उपायको ही सेवन करनो ।।१४।।

देहधारीतें कर्मन्को पूर्णरूपसों त्याग सम्भव नाहीं होत हे. तासों अपने-अपने वर्ण अरु आश्रम के धर्मानुसार कर्म करने. एसें न करे तो स्वधर्माचरणकी उपेक्षा अरु स्वच्छन्द आचरण एसें दोय दोष आय परें ।।१५।।

तासों शक्ति अनुसार स्वधर्मको आचरण करनो, अधर्माचरण सर्वथा न करनो ओर इन्द्रियरूपी अश्वन्को विशेषरूपसों निग्रह करनो. इन तीन्यों बातन्को त्याग सर्वथा नकरनो ।।१६।।

या प्रकारको भागवत धर्म महाप्रभु श्रीवल्लभाचार्यकों मान्य हे. निज वर्णाश्रमधर्मके आचरण करिवेमेंहु भक्तिशास्त्रसों अनुकूल वर्णाश्रमधर्मको आचरण करनो इतनो विशेष हे ।।१७।।

ગુજરાતી અનુવાદ

ઉપરોક્ત લક્ષણોવાળા ગુરુના મુખે શ્રદ્ધા-પ્રેમથી ભગવત્ શાસ્ત્રના ઉપદેશનું શ્રવણ કરવાથી જેનાવડે ભક્તિ સિદ્ધથાય તેવું ભગવાનનું શરણ પ્રાપ્ત થાય છે. કલિકાળમાં કલ્યાણકારી પ્રાયઃ બધા શાસ્ત્રીય સાધનો જ્યારે દુઃસાધ્ય બની ગયાં છે ત્યારે અન્યાન્ય સાધનોમાં શ્રમ ન કરીને બધાનું મૂળ એવા પ્રભુના

શરણરૂપી ઉપાયનું જસેવન કરવું ॥૧૪॥.

શરીરધારીમાટે કર્મોનો પૂર્ણપણે ત્યાગ કરવો શક્ય નથી હોતો. તેથી દરેક મનુષ્યે પોત-પોતાના વર્ણ અને આશ્રમ ના ધર્માનુસાર કર્મ કરવા. જો આમ કરવામાં નઆવે તો સ્વધર્માચરણની ઉપેક્ષા અને સ્વચ્છન્દ આચરણ આમ બેવડો દોષ લાગે. ॥૧૫॥

તેથી શક્તિ અનુસાર સ્વધર્મનું આચરણ કરવું, અધર્મનું આચરણ સર્વથા નકરવું અને ઈન્દ્રિયોરૂપી ઘોડાઓને વિશેષરૂપથી અઙ્કુશમાં રાખવા. આ ત્રણેય નો ત્યાગ સર્વથા નકરવો. ॥૧૬॥

આ પ્રકારનો ભાગવત ધર્મ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યને માન્ય છે. પોત-પોતાના વર્ણાશ્રમધર્મનું આચરણ કરવામાં પણ ભક્તિશાસ્ત્રથી અનુકુળ એવા વર્ણાશ્રમધર્મનું આચરણ કરવું એમ વિશેષ જાણવું. ॥૧૭॥

(तहां निजशाखाके अनुसार षोडशसंस्कार तथा तन्मूलक आह्निक शौचाचार आदि भक्त्युपयोगी होयवेतें द्विजशरीरके धारण करिवेवारेन्के काज आवश्यक होत हें)

गर्भाधानादि-संस्कारैः द्विजैर्मौञ्ज्यन्त-सम्भवैः ।।
देहः संशोधनीयो हि हरिभावो नचान्यथा ।।१८।।

भावार्थ

गर्भाधान संस्कारसों लेयके मौञ्जीबन्धनरूप यज्ञोपवीत संस्कार पर्यन्त सब संस्कारन्सों द्विज इतनें ब्राह्मण-क्षत्रिय-वैश्य अपने देहको संशोधन करे. एसें करेतें देह पवित्र होई तब देहमें भगवद्भावकी योग्यता सिद्ध होत हे अन्यथा नाहिं ।।१८।।

ગુજરાતી અનુવાદ

ગર્ભાધાન સંસ્કારથી કરીને મૌગ્જીબન્ધનરૂપ યજ્ઞોપવીત સંસ્કાર પર્યન્ત બધા સંસ્કારોવડે દ્વિજ એટલે બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય પોતાના દેહનું સારીરીતે શોધન કરે. આમ કરવાથી દેહ પવિત્ર બનશે જેને કારણે દેહમાં ભગવદ્ભાવની યોગ્યતા સિદ્ધ થશે તે સિવાય નહીં. ॥૧૮॥

शौचाचार-विहीनस्य आसुरावेश-सम्भवात् ।।
ततः स्वाह्निक-धर्माणाम् आचारोऽपि प्रसज्यते ।।१९।।

भावार्थ

जो व्यक्ति शुद्धि आदिके आचारको यथाविधि पालन नाहिं करत हे तिनके देहेन्द्रियन्में आसुरावेश होयवेकी पूर्ण सम्भावना रहत हे. तातें अपने-अपने नित्य कर्मन्को आचरणहु करनो चहिये ।।१९।।

ગુજરાતી અનુવાદ

જે વ્યક્તિ શુદ્ધિ વગેરે આચારનું શાસ્ત્રાજ્ઞા અનુસાર પાલન નથી કરતી તેના દેહ-ઇન્દ્રિયમાં આસુરાવેશ થવાની સમ્ભાવના પૂરે-પૂરી રહે છે. તેથી દરેકે પોત-પોતાના નિત્ય કર્મોનું આચરણ પણ કરવું જોઇએ. ॥૧૯॥

स्नानं सन्ध्याजपो होमः स्वाध्यायः पितृतर्पणम् ।।
वैश्वदेवकदेवार्चा इति षट्कर्मकृद् भवेत् ।।२०।।

भावार्थ

सो छे नित्यकर्म या प्रकार जानने : शास्त्रविधिसों स्नान, सन्ध्या ओर जप, होम, पढ़े भये वेदको आवर्तन, पितृतर्पण, वैश्वदेवके देवको पूजन -- इन छे कर्मन्कों द्विज नित्य करे ।।२०।।

ગુજરાતી અનુવાદ

તે છનિત્યકર્મો આ મુજબ જાણવા : શાસ્ત્રવિધિથી સ્નાન, સન્ધ્યા અને જપ, હોમ, ભણેલા વેદનું અધ્યયન, પિતૃતર્પણ અને વૈશ્વદેવના દેવનું પૂજન આ છકર્મો દ્વિજે સદા કરવા ॥૨૦॥

यथा हि स्कन्ध-शाखानां तरोर्मूलाभिषेचनम् ।।
तथा सर्वार्हणं यस्मात् परिचर्याविधिर्हरेः ।।२१।।
अतस् तदनुरोधेन नित्यकर्मकृतिर् वरा ।।
अन्यथातु कृतिर्व्यर्था त्रैवर्ग्यविषया यतः ।।२२।।
गर्भाधानादिसंस्कारैः स्वशाखोक्तैर् द्विजो युतः ।।
गुरुं प्रपद्येद् ... ...।।

भावार्थ

जेसें वृक्षके मूलमें जल डारिवेतें वृक्षके पत्र, छोटी-बड़ी शाखा आदि सब भागन्में जल आपुही पहोंचि जात हे तेसें ही श्रीकृष्णकी सेवाविधिसों सबकी पूजा होय जात हे. तातें वा अनुसार ही नित्यकर्म करनो उत्तम हे. यदि एसें न करे तो (जेसें वृक्षके मूलमें जल नडारे ओर वाके डाली-पत्तान्पें जल डारतो रहे तो जलहु व्यर्थ जाय अरु वृक्षहु सूकि जाय एसें) सब कर्म निष्फल होइ जात हें. क्यों ? जो कर्मन्सों पूज्य तो पुरुषोत्तम श्रीकृष्ण ही हें, विनकों छांड़िके कर्म करे तो कर्मबन्धनसों छूटिवेके स्थानपें कर्मन्सों ओर अधिक बंध जाय. क्यों ?जो एसे कर्म तो धर्मार्थ-कामरूप त्रिवर्गकोंही सिद्ध करत हें ।।२२।।

तातें जो द्विज त्रिवर्गमें बंधिवो न चाहत होय तो ताकों अपने वेदकी शाखामें निरूपित गर्भाधान आदि संस्कारसों संस्कृत होयके भक्तिमार्गीय गुरुकी शरणमें जायवो उचित हे.

ગુજરાતી અનુવાદ

જેમ વૃક્ષના મૂળમાં પાણી રેડવાથી વૃક્ષના પાન, નાની-મોટી ડાળીઓ વગેરે વૃક્ષના બધા ભાગોને આપ મેળે પાણી પહોંચી જતું હોય છે તે જપ્રમાણે શ્રીકૃષ્ણની સેવા કરવાથી બધા દેવી-દેવતાઓનું પૂજન આપ મેળે થઇ જાય છે. તેથી તે પ્રમાણે જનિત્યકર્મ કરવું ઉત્તમ ગણાય. જો આમ નકરે તો (જેમ વૃક્ષના મૂળમાં પાણી ન રેડીને તેના ડાળી-પાંદડાં ઉપર પાણી રેડવામાં આવે તો પાણી પણ નકામું જાય અને વૃક્ષ પણ કાળક્રમે સુકાઇ જાય તેમ) બધા કર્મો નિષ્ફળ જાય છે. કારણ કે બધા કર્મોથી પૂજ્ય તો પરાત્પર તત્ત્વ શ્રીકૃષ્ણ જ હોય છે, તેને મૂકીને જો કર્મ કરવામાં આવે તો કર્મબન્ધનથી છૂટવાના સ્થાને વધુ બંધાઇ જવાની સ્થિતિ આવે. કારણ કે કર્મ તો ધર્માર્થ-કામરૂપી ત્રિવર્ગને જસિદ્ધ કરનારું હોય છે ! ॥૨૨॥

તેથી જે દ્વિજ ત્રિવર્ગમાં ફંસાવા ન ઇચ્છતો હોય તેણે પોતાના વેદની શાખામાં કહ્યા પ્રમાણેના ગર્ભાધાન વગેરે સંસ્કારોથી પવિત્ર થઇને ભક્તિમાર્ગીય ગુરુના શરણે જવું.

(द्विजेतर शिष्यन्के कर्तव्यको निरूपण)

.......अन्यस्तु सदाचारोऽस्य संश्रयात् ।।२३।।

भावार्थ

ओर जो द्विज नहोय तो शास्त्रमें कहे अनुसार द्विजन्की परिचर्या करे ओर सदाचार परायण रहिके भक्तिमार्गीय गुरुकी शरण जावे ।।२३।।

ગુજરાતી અનુવાદ

જેઓ દ્વિજ નહોય તેઓ તો શાસ્ત્રમાં બતાવ્યા મુજબ દ્વિજોની પરિચર્યા કરે અને ચાર પરાયણ રહીને ભક્તિમાર્ગીય ગુરુના શરણે જાય ॥૨૩॥

(प्रपत्तिमार्गमें दीक्षितन्कों वैष्णवाचारको परिपालन करनो. तामें प्रथम सप्तविध भक्तिको उपदेश)

लब्ध्वानुग्रहम् आचार्यात् श्रीकृष्णशरणं जनः ।।
धारयेत् तिलकं मालां वैष्णवाचारतत्परः ।।२४।।

भावार्थ

पुष्टिभक्तिमार्गमें रुचिवारो व्यक्ति पुष्टिभक्ति सम्प्रदायके सुयोग्य आचार्यवंशजकी कृपा प्राप्त करिके सर्वप्रथम विनतें श्रीकृष्णके नाममन्त्रवारी शरणदीक्षाकों प्राप्त करे. एसें भगवन्मार्गमें दीक्षित होयके ललाटपे कुंकुमसों ऊर्ध्वपुण्ड्र तिलक अरु कण्ठमें तुलसीकाष्ठकी माला सदा धारण करे ।।२४।।

ગુજરાતી અનુવાદ

પુષ્ટિભક્તિમાર્ગમાં રુચિ ધરાવતી વ્યક્તિ પુષ્ટિભક્તિ સમ્પ્રદાયના ઉપરોક્ત લક્ષણ ધરાવતા કોઇ સુયોગ્ય આચાર્યવંશજની કૃપા પ્રાપ્ત કરીને સર્વ પ્રથમ તેઓથી શ્રીકૃષ્ણના નામમન્ત્રની શરણદીક્ષાને પ્રાપ્ત કરે. આ પ્રકારે ભગવન્માર્ગમાં દીક્ષિત થઇયેલ વ્યક્તિ કપાળ ઉપર કુંકુમથી ઊર્ધ્વપુણ્ડ્ર તિલક અને ગળામાં તુલસીકાષ્ઠની માળી-કણ્ઠી સદા ધારણ કરે ॥૨૪॥

सर्वस्वं हरिसात्कार्यं त्यजेत् सर्वम् अवैष्णवम् ।।
हिंस्र-काम्याऽन्यदेवार्चा यदि नित्यं चलौकिकम् ।।२५।।

भावार्थ

वैष्णव भये पाछें अपनो सर्वस्व श्रीहरिके आधीन करनो. जो कछु अवैष्णव आचार पूर्वमें करत होंय सो सब छोड़ने. जीवहिंसा जामें होती होय एसे कर्म अरु काम्यकर्म; अरु, अन्यदेवतान्की पूजा-अर्चना सब छांड़े. नित्य-नैमित्तिक शास्त्रीय कर्महु यदि वैष्णवमार्गसों विपरीत होंय तो विनकों हु छांड़े. एसें ही लोकतः प्राप्त वैष्णवतासों विपरीत कार्यन्को हु त्याग करे ।।२५।।

ગુજરાતી અનુવાદ

વૈષ્ણવ થયા પછી પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પિત કરવું. જે કોઇ પણ અવૈષ્ણવ આચાર પૂર્વે કરતો હોય તે બધા છોડવા. જીવહિંસા થતી હોય તેવા કર્મો, કામ્યકર્મ; અને શ્રીકૃષ્ણ સિવાય અન્ય દેવોની પૂજા-અર્ચના નો પરિત્યાગ કરવો. નિત્ય-નૈમિત્તિક શાસ્ત્રીય કર્મો પણ જો વૈષ્ણવમાર્ગથી વિપરીત હોય તો તે પણ છોડવા. તે જપ્રમાણે વૈષ્ણવમાર્ગથી વિપરીત એવા સામાજિક-લૌકિક કાર્યોનો પણ ત્યાગ કરવો ॥૨૫॥

पूर्वभाण्डादिकं सर्वं परित्यज्य विशुद्धितः ।।
श्रवणादिपरो नित्यं हरेः प्रेमास्पदो भवेत् ।।२६।।

भावार्थ

दीक्षित होयवेतें पहिले अपने उपयोगमें आवते सब पात्रादिक काढ़िके नवीन पात्रादिक लावने. स्ववर्णाश्रमानुसार विशेष आग्रहसों स्नान-खान-पान-वस्त्र-स्पर्श आदिमें सदा शुद्धि राखे. एसे ही भगवत्सम्बन्धी श्रवण-कीर्तनादिमें सतत तत्पर रहे. एसें करेतें भक्त प्रभुकों प्रिय होत हे ।।२६।।

ગુજરાતી અનુવાદ

માર્ગમાં દીક્ષિત થવાથી પૂર્વે પોતાના ઉપયોગમાં આવતા બધા વાસણ-કુસણ વગેરે કાઢી નાખીને નવીન વાસણ વગેરે વસાવવા. સ્વવર્ણાશ્રમધર્માનુસાર વિશેષ આગ્રહથી સ્નાન-ખાન-પાન-વસ્ત્ર-સ્પર્શ આદિમાં શુદ્ધિ રાખવી. તે જપ્રમાણે પ્રભુ સમ્બન્ધી શ્રવણ-કીર્તન વગેરેમાં સતત તત્પર રહે. આમ કરવાથી ભક્ત

પ્રભુને પ્રિય બને છે ॥૨૬॥

हरेर्गुणानां श्रवणं ज्यायोभ्यः शृणुयात् सदा ।।
जातशिक्षः यवीयोभ्यः कीर्तयेदन्यथैकलः ।।२७।।

भावार्थ

बड़ेन्सों सदा भगवत्सम्बन्धी श्रवण करे. जो श्रवण कीनो होय वाकी दृढताके अर्थ स्वयंहु वाको अभ्यास करे. सङ्गी भक्तन्के आगें भगवत्कीर्तन करे. सत्पुरुषको सङ्ग प्राप्त नहोय तो इकलो ही भगवत्कीर्तन करे ।।२७।।

ગુજરાતી અનુવાદ

જ્યેષ્ઠ વૈષ્ણવો પાસેથી પ્રભુ સમ્બન્ધી ગુણ-લીલ વગેરેનું સદા શ્રવણ કરે. શ્રવણ કરેલને દૃઢ કરવામાટે પોતે પણ તેનો અભ્યાસ કરે. સંગી ભક્તોની સામે ભગવત્કીર્તન કરે. સત્પુરુષનો સઙ્ગ પ્રાપ્ત નથાય તો એકલો જભગવત્કીર્ત કરે ॥૨૭॥

(અર્થાત અસત્નો સઙ્ગ નજ કરે)

अतिसुन्दररूपाणि लीलाधामानि संस्मरेत् ।।
पादसेवा हरेः कार्या सर्वसम्पन्निकेतनैः ।।२८।।

भावार्थ

जेसें भगवत्सम्बन्धी श्रवण-कीर्तन करे एसें ही प्रभुके सर्वाधिक सुन्दर स्वरूप अरु प्रभुके अलौकिक लीलाधामन् को हु सतत स्मरण करतो रहे. एसेंही प्रभुके चरणकमलकी सेवाहु अपने घर-धन आदि सर्वस्वके विनियोगपूर्वक अवश्य करे ।।२८।।

ગુજરાતી અનુવાદ

પ્રભુના ગુણ-લીલાના શ્રવણ-કીર્તનાદિની સાથોસાથ પ્રભુના સર્વાધિક સુન્દર સ્વરૂપ અને પ્રભુના અલૌકિક લીલાધામો નું પણ સતત સ્મરણ કરતો રહે. આ સાથે પ્રભુના ચરણકમલોની સેવા પણ પોતાના ઘર-ધન આદિ સર્વસ્વના વિનિયોગ પૂર્વક અવશ્ય કરે ॥૨૮॥

अर्चनं प्रत्यहं तस्य विधिना नियमेन च।।
वन्दनं चरणाम्भोजे तस्य भावनयाखिले ।।२९।।

भावार्थ

माहात्म्यज्ञानपूर्वक लोकविलक्षण उपचारन्सों प्रतिदिन नियमसों प्रभुकी सेवा करे. समग्र जगत्में भगवदात्मकताको भाव राखिके अपनेमें भगवदंशताको दैन्यपूर्वक स्मरण करिके श्रद्धा पूर्वक प्रभुके चरणकमलमें वन्दन करे ।।२९।।

ગુજરાતી અનુવાદ

પ્રભુના માહાત્મ્યના જ્ઞાન પૂર્વક લોકવિલક્ષણ ઉપચારોથી પ્રતિદિન નિયમ પૂર્વક પ્રભુની સેવા કરે. સમગ્ર જગત્માં ભગવદાત્મકતાનો ભાવ રાખીને પોતાનામાં ભગવદંશતાનું દૈન્યપૂર્વક સ્મરણ કરતા-કરતા શ્રદ્ધા પૂર્વક પ્રભુના ચરણકમળમાં વન્દન કરે ॥૨૯॥

दास्यं तदेकशरणं तत्प्रसादैक-भोजनम् ।।
एवं सप्तविधा भक्तिः प्रपन्नाधिकृता भवेत् ।।३०।।

भावार्थ

एकमात्र श्रीकृष्णको ही आश्रय(अनन्यता) अरु श्रीकृष्णकों समर्पित पदार्थको ही भोजन(समर्पित जीवन) ताकों 'प्रभुको दासपनो' कहत हें. या

प्रकारसों श्रवणसों लेयकें दास्य पर्यन्त सात प्रकारकी भक्तिके सम्यग् अनुष्ठानसों शरणागति सिद्ध होत हे।।३०।।

ગુજરાતી અનુવાદ

એકમાત્ર શ્રીકૃષ્ણનો જ આશ્રય (અનન્યતા) અને શ્રીકૃષ્ણને સમર્પિત કરેલ પદાર્થનું જ ભોજન (અસમર્પિત જીવન) તેને પ્રભુનું 'દાસપણું' કહેવાય છે. આ પ્રકારે શ્રવણથી લઈને દાસ્ય પર્યન્ત સાત પ્રકારની ભક્તિનું સારીરીતે અનુસરણ કરવાથી શરણાગતિ સિદ્ધ થાયછે ॥૩૦॥

(प्रपत्तिमार्गमें दीक्षितन्कों वैष्णव व्रतोत्सव पञ्चयज्ञ तीर्थवास वैष्णवतिलकादि बाह्याभ्यन्तर चिह्नको धारण आदिको उपदेश)

पूर्वविद्धं परित्याज्यं व्रतं तद्विष्णुपञ्चकम् ।।
जयन्ती तूदयेऽन्येन दुष्टान्याप्यरुणोदयात् ।।३१।।

भावार्थ

पूर्व तिथिको जा तिथिमें वेध आवतो होय वा दिन एकादशी, जयन्ती आदि विष्णुपञ्चक व्रतोत्सव तजने. सूर्योदय कालमें जो तिथि होय वाहीकों वा दिनकी तिथि मानिके श्रीकृष्णजयन्ती आदि उत्सव करने. एसें ही एकादशी हु अन्य तिथिके वेधवारी होय तो तजनी ।।३१।।

ગુજરાતી અનુવાદ

આગળની તિથિના વેધવાળી એકાદશી, જયન્તી વગેરે વિષ્ણુપઞ્ચક વ્રતોત્સવનો ત્યાગ કરવો. સૂર્યોદય કાળમાં જે તિથિ હોય તેને જતે દિવસની તિથિ માનીને શ્રીકૃષ્ણજયન્તી આદિ ઉત્સવો ઉજવવા. તે જ પ્રમાણે એકાદશી પણ જો અન્ય તિથિના વેધવાળી હોય તો તે દિવસે નકરવી ॥૩૧॥

वर्षाश्रितान्युत्सवानि स्वाश्रितान्यपि यान्युत ।।
तानि सर्वाणि हरये ह्यनुकूलानि चार्पयेत् ।।३२।।

भावार्थ

वर्षभरमें आवते उ स्वमनोरथसों जनित उत्सव हु साधन-सम्पत्ति, स्वास्थ्य, समय आदिलता होय तो विन सबकोंहु अवश्य प्रभुन्के साथ मनावनें ।।३२।।

ગુજરાતી અનુવાદ

વરસમાં આવતા ઉત્સવ તેમજ પોતાના મનોરથ પ્રમાણેના ઉત્સવો પણ સાધન-સમ્પત્તિ, સ્વાસ્થ્ય, સમય આદિની અનુકુળતા હોય તો તે બધા પ્રભુની સાથે

અવશ્ય મનાવવા ॥૩૨॥

श्राद्धानि चोत्तमान्येव वैश्वदेवं चदैवकम् ।।
हरेः प्रसादतः कुर्यात् ततस् तृप्तिरनुत्तमा ।।३३।।

भावार्थ

श्राद्धादिक अरु विश्वेदेव सम्बन्धी अरु अन्यहु देवता सम्बन्धी सर्व उत्तम कार्य आग्रहसों भगवन्महाप्रसादसों ही करे. तातें पितऋन्कों अरु भगवान्के कर्मसचिव देवतान्कों हु उत्तममोत्तम तृप्ति होत हे ।।३३।।

ગુજરાતી અનુવાદ

શ્રાદ્ધ વગરે કાર્યો, વિશ્વેદેવ સમ્બન્ધિ કાર્યો તેમજ અન્ય પણ દેવતા સમ્બન્ધિ બધા ઉત્તમ કાર્યો આગ્રહ પૂર્વક પ્રભુના મહાપ્રસાદથી જકરવા. આમ કરવાથી પિતૃઓને તેમજ પ્રભુના કર્મસચિવ દેવતાઓને પણ ઉત્તમોત્તમ તૃપ્તિ થાય છે ॥૩૩॥

प्रसादोऽपि बलिः कार्यः स्वात्मसंस्कारएव सः ।।

अन्नस्य चात्मनश्चापि तत्संस्कारेण तत्परः ।।३४।।

भावार्थ

गोग्रास आदि भूतयज्ञहु प्रभुके महाप्रसादसोंही करने. वो अपने आत्माको संस्कार ही हे. तातें अन्न अरु आत्मा के वा ही संस्कारसों तत्पर रहेनो ।।३४।।

ગુજરાતી અનુવાદ

ગોગ્રાસ આદિ ભૂતયજ્ઞ પણ પ્રભુના મહાપ્રસાદથીજ કરવા. તે આપણા આત્માનો સંસ્કાર જછે. તેથી અન્ન અને આત્મા ના તે સંસ્કારથી તત્પર રહેવું ॥૩૪॥

विप्रा गावो हरेर्भक्ताः सदा पूज्या हरेः प्रियाः ।।
गृहस्थस्यातिथिर्यस्मात् पूज्यो दीनो दयास्पदः ।।३५।।

भावार्थ

ब्राह्मण, गाय अरु भगवद्भक्तप्रभुकों प्रिय हें तातें इन सबन्को सत्कार अवश्य करनो. याही प्रकारसों गृहस्थकों अतिथि हु पूज्य होत हे. गृहस्थकों दुःखी जनन्पें दयाभाव राखनो ।।३५।।

ગુજરાતી અનુવાદ

બ્રાહ્મણ, ગાય અને ભગવદ્ભક્તો પ્રભુના પ્રિય છે તેથી તે બધાનો સત્કાર અવશ્ય કરવો. તે જપ્રમાણે ગૃહસ્થમાટે અતિથિ પણ પૂજ્ય હોય છે. ગૃહસ્થે દુઃખી લોકો ઉપર દયાભાવ રાખવો ॥૩૫॥

जगन्नाथे द्वारिकायां श्रीरङ्गे व्रजमण्डले ।।
यत्र पूजाप्रवाहः स्यात् तत्र तिष्ठेच्च तत्परः ।।३६।।

भावार्थ

जगन्नाथपुरी, द्वारकापुरी, व्रजमण्डल आदि भगवत्स्थानन्में जहां-कहुं अनवरत भगवत्पूजा अनुष्ठित होती होय तहां भगवान्में परायण होयके रहे (स्वगृहमें भगवत्सेवा करिवेमें समर्थ न होय एसे प्रभुपरायण विरक्त पुष्टिमार्गीके अर्थ ये उपदेश जाननो) ।।३६।।

ગુજરાતી અનુવાદ

જગન્નાથપુરી, દ્વારકાપુરી, વ્રજમણ્ડલ વગેરે ભગવત્સ્થાનોમાં જ્યાં અનવરત ભગવત્પૂજા થતી હોય ત્યાં પ્રભુપરાયણ બનીને રહે. (સ્વગૃહમાં ભગવત્સેવા કરવા શક્તિમાન્ નહોય તેવા પ્રભુપરાયણ વિરક્ત પુષ્ટિમાર્ગીમાટે આ ઉપદેશ છે) ॥૩૬॥

गङ्गादि-तीर्थ-वर्येषु यथा चित्तं नदुष्यति ।।
श्रवणाद्यैः भजेदेवं श्रीभागवततत्परः ।।३७।।

भावार्थ

गङ्गाजी आदि श्रेष्ठ तीर्थन्में, अति निकटता आदिके कारण तीर्थके अनादर आदिरूप दोषन्सों चित्त जेसें दूषित नाहीं होय वा प्रकारसों श्रीभागवतमें तत्पर होयके प्रभुको श्रवणादिसों भजन करे ।।३७।।

ગુજરાતી અનુવાદ

ગંગાજી વગેરે શ્રેષ્ઠ તીર્થોમાં, અતિ નિકટતાને કારણે તીર્થના અનાદર વગેરે રૂપ દોષોથી ચિત્ત જેમ દૂષિત ન થાય તે પ્રકારથી શ્રીભાગવતમાં તત્પર રહીને

પ્રભુનાં શ્રવણાદિથી ભજન કરવું. ॥૩૭॥

ऊर्ध्वपुण्ड्राणि मृन्मुद्रा तुलसी-काष्ठजापि स्त्रक् ।।
बाह्याङ्कान्यान्तराणि स्युः भक्तेः शान्ति-विरक्तयः ।।३८।।

भावार्थ

ऊर्ध्वपुण्ड्र तिलक, गोपीचन्दनसों नामादिमुद्रा अरु तुलसीकाष्ठसों बनी माला ये भक्तिमार्गीके बाह्य लक्षण हें. एसें ही शान्ति तथा विरक्ति भक्तिमार्गीके आन्तर लक्षण हें ।।३८।।

ગુજરાતી અનુવાદ

ઊર્ધ્વપુણ્ડ્ર તિલક, ગોપીચન્દનથી નામ વગેરેની મુદ્રા અના તુલસીકાષ્ઠથી બનેલી માળા આ ભક્તિમાર્ગીના બાહ્ય લક્ષણો છે. તે જપ્રમાણે ભક્તિમાર્ગીના આન્તર લક્ષણો શાન્તિ તથા વિરક્તિ છે ॥૩૮॥

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च।।

दया दानं चविज्ञानं श्रद्धा दैवात्मसम्पदः ।।३९।।
दैवात्मसम्पदः पुंसः भक्तिर्भवति नैष्ठिकी ।।

भावार्थ

आन्तर तथा बाह्य इन्द्रियन्पें संयम, कष्ट सहनो, शास्त्रीय सदाचारके अनुसार पवित्रता राखनी, धैर्य / क्षमाशीलता, सरलता, दया, दान, तत्त्वज्ञान, श्रद्धा इत्यादि दैवी जीवन्के गुण जाननें. एसे दैवी गुणवारे पुरुषकों भगवद्भक्ति निश्चय ही दृढनिष्ठावारी होत हे।।३९।।

ગુજરાતી અનુવાદ

આન્તર તથા બાહ્ય ઈન્દ્રિયો પર સંયમ, કષ્ટ સહન કરવા, શાસ્ત્રીય સદાચાર અનુસાર પવિત્રતા રાખવી, ધૈર્ય / ક્ષમાશીલતા, સરળતા, દયા, દાન, તત્ત્વજ્ઞાન, શ્રદ્ધા વગેરેને દૈવી જીવોના ગુણ જાણવા. આવા દૈવી ગુણવાળા પુરુષને ભગવદ્ભક્તિ ચોક્કસ જ દઢનિષ્ઠાવાળી થાય છે॥૩૯॥

(इन गुणन्के कारण भक्ति जब सर्वात्मभावापन्ना होवे तब या लोकमें प्रपञ्चविस्मृतिपूर्वक भगवदासक्ति अरु वैकुण्ठादि भगवल्लोकमें सेवोपयोगी देहकी प्राप्ति हु फलित होत हे)

यया 'सर्वात्मभावा'ख्या परा सिद्धिः स्वयं भवेत् ।।४०।।

भावार्थ

नैष्ठिकी भक्तिके कारण ‘सर्वात्मभाव’ नामसों प्रसिद्ध उत्कृष्ट सिद्धि स्वयं ही प्राप्त होत हे ।।४०।।

ગુજરાતી અનુવાદ

નૈષ્ઠિકી ભક્તિને કારણે ‘સર્વાત્મભાવ’ નામથી પ્રસિદ્ધ ઉત્કૃષ્ટ સિદ્ધિ સ્વયં જપ્રાપ્ત થઇ જાય છે. ॥૪૧॥

सर्ववस्तुषु वैराग्यं दोषदृष्ट्या विभावयेत् ।।
दमनाद् इन्द्रियाणां चसन्तुष्ट्यापि चसिध्यति ।।४१।।

भावार्थ

दोषदृष्टि राखिके सर्व वस्तून्में वैराग्यकी विभावना करे. इन्द्रियन्पें संयम अरु सन्तोष राखिवेतें हु अवश्यवैराग्य सिद्ध होतहे ।।४१।।

ગુજરાતી અનુવાદ

દોષદૃષ્ટિ રાખીને સર્વ વસ્તુમાં વૈરાગ્યની વિભાવના કરવી. ઈન્દ્રિયો પર સંયમ અને સન્તોષ રાખવાથી પણ વૈરાગ્ય ચોક્કસ સિદ્ધ થાય છે ॥૪૧॥

सर्वत्रैव विरक्तस्य रागः स्याद् नन्दनन्दने ।।
तेनासक्तिश्च व्यसनं प्रपञ्चास्फुरणं भवेत्।।४२।।

भावार्थ

जो सर्वत्र वैराग्यवारो होय वाकों ही नन्दनन्दन श्रीकृष्णमें प्रेम होत हे. प्रेमतें आसक्ति होत हे, आसक्तितें व्यसन अरु प्रपञ्चकी अस्फूर्ति पूर्वक मनको भगवान्में निरोध सिद्ध होत हे ।।४२।।

ગુજરાતી અનુવાદ

જે સર્વત્ર વૈરાગ્યવાળો હોય તેને જ નન્દનન્દન શ્રીકૃષ્ણમા પ્રેમ થાય છે. પ્રેમથી આસક્તિ થાય છે, આસક્તિથી વ્યસન અને પ્રપઞ્ચની અસ્ફૂર્તિ પૂર્વક મનનો ભગવાન્માં નિરોધ સિદ્ધ થાય છે ॥૪૨॥

एवं निरुद्धचित्तस्यानुगृहीतस्य चेशितुः ।।
लीलाप्रवेशोऽपीष्टश्च ''तस्मान् मच्छरणो''क्तितः ।।४३।।

भावार्थ

या प्रकारसों जाको चित्त प्रभुमें निरुद्ध भयो होय अरु जाके ऊपर प्रभुकी कृपा भई होय वाको लीलामें प्रवेश हु इष्ट ही हे सो गोवर्धनोद्धरणके समय भगवान्के ''तातें में ही गोकुलको आश्रय हूं ...'' (भाग.पुरा.१०।२२/ २५।१८) इत्यादि वचनतें सिद्ध होत हे ।।४३।।

ગુજરાતી અનુવાદ

આ પ્રમારે જેનું ચિત્ત પ્રભુમાં નિરુદ્ધ થઇ ગયું છે અને જેના ઊપર પ્રભુકી કૃપા થઇ હોય તેનો લીલામેં પ્રવેશ પણ ઇષ્ટછે જતે ગોવર્ધનોદ્ધરણના સમયે ભગવાનના "તેથી હું જગોકુળનો આશ્રય છું..." (ભાગ.પુરા.૧૦।૨૨/ ૨૫।૧૮) વગેરે વચનથી સાબિત થાય છે ॥૪૩॥

(एसे तादृशी वैष्णवन्की या भूतलपे स्थिति अन्य जीवन्के जेसी काल-कर्म-स्वभावाधीन होत नाहीं)

नपापं सकरोत्येव प्रमादे त्वाशु निष्कृतिः ।।
अज्ञात-स्खलितानां चहरिरेव परा गतिः ।।४४।।

भावार्थ

एसो भगवदीय कबहु पापकर्म नाहीं करत हे. कबहुक अज्ञानतें कोउ निन्दित/ निषिद्ध आचरण होय जाय तो हु शीघ्रही वाके अपराधतें छूटी जात हे. तातें अज्ञानतें जिनको स्खलन होत हे विनकी एकमात्र गति श्रीहरि ही हें ।।४४।।

ગુજરાતી અનુવાદ

આવા ભગવદીયો ક્યારેય પાપકર્મ કરતા નથી. ક્યારેક અજ્ઞાનથી કંઇક નિન્દિત કે નિષિદ્ધ આચરણ થઇ જાય તો પણ તરત જ તેના અપરાધથી તેઓ છુટી જાય છે. તેથી અજ્ઞાનવશ જેમનાથી ભૂલ થઇ જાય છે તેમની એક માત્ર ગતિ શ્રીહરિ જછે ॥૪૪॥

हरिर् भक्तापराधेषु दययैव प्रसीदति ।।
दोषेषु नगतिस्तस्मात् दोषान् सम्परिवर्जयेत् ।।४५।।

भावार्थ

भक्तन्की अपराध अथवा दोष मेंहु भगवदतिरिक्त अन्य कोई गति नाहीं हे. तातें दोषन्को पूर्णरूपसों त्याग करनो. तथा हरि विनपें दया करिके प्रसन्न ही रहत हें एसो विश्वास राखनो ।।४५।।

ગુજરાતી અનુવાદ

અપરાધ અથવા દોષ માં પણ ભક્તોની ગતિ ભગવદતિરિક્તઅન્ય હોતી નથી. તેથી દોષોનો પૂર્ણપણે ત્યાગ કરવો. તથા હરિ તેમના પર દયા કરીને પ્રસન્ન જરહે છે એવો વિશ્વાસ રાખવો ॥૪૫॥

अशून्या दिवसा यामाः मुहूर्त-घटिका-लवाः ।।
भगवद्भजनैः कार्याः संसारासक्तिरन्यथा ।।४६।।

भावार्थ

दिवस, प्रहर, घड़ी, क्षणमात्र हु भगवद्भजन विना नरहेनो. भगवद्भजन विना क्षणमात्रहु रहे तो संसारासक्ति होयजात हे।।४६।।

ગુજરાતી અનુવાદ

દિવસ, પ્રહર, ઘડી, ક્ષણમાત્ર હુ ભગવદ્ભજન વિના નરહેવું. ભગવદ્ભજન વિના ક્ષણમાત્ર પણ રહે તો સંસારાસક્તિ થઈ જાય છે ॥૪૬॥

(जेसें श्रीहरिको भजन, तेसेंइं श्रीहरिकी भावना राखिके गुरु अरु वैष्णव भक्तन् के प्रतिहु नमन, अर्चन तथा दैन्य निभावने)

गुरुसेवा गुरोराज्ञा गुरौ श्रीहरिभावना ।।
गुरौ भयं गुरौ सिद्धिः प्रपन्नः परिभावयेत् ।।४७।।

भावार्थ

शरणागत शिष्य गुरुकी सेवा करे, गुरुकी आज्ञाको पालन करे, गुरुमें श्रीहरिकी भावना करे, गुरुको भय राखे, गुरुमें सिद्धिकी भावना करे. एसें प्रकारसों शरणागत शिष्य रहे ।।४७।।

ગુજરાતી અનુવાદ

શરણાગત શિષ્ય ગુરુની સેવા કરે, ગુરુની આજ્ઞાનું પાલન કરે, ગુરુમાં શ્રીહરિની ભાવના કરે, ગુરુનો ભય રાખે, ગુરુમાં સિદ્ધિની ભાવના કરે. આ પ્રકારે શરણાગત શિષ્ય રહે ॥૪૭॥

भक्तवृन्दान् नमेद् अर्चेद् दृष्ट्वा हृष्येत्(/हर्षं)समानयेत् ।।
भक्तेष्वेवं हरिं साक्षात् प्रसादेन व्यवस्थितम् ।।४८।।

भावार्थ

भक्तजननकों प्रणाम करे, विनको सत्कार करे, अपुने घरमें विनकों बुलावे. भक्तन्के हृदयमें भगवान् सदा प्रसन्नतासों बिराजत हें तातें भक्तन्में भगवान्कों देखे ।।४८।।

ગુજરાતી અનુવાદ

ભક્તજનોને પ્રણામ કરે, તેમનો સત્કાર કરે, પોતાના ઘરમાં તેમને બોલાવે. ભક્તોના હૃદયમાં ભગવાન્ સદા પ્રસન્નતાથી બિરાજે છે તેથી ભક્તોમાં ભગવાનના દર્શન કરે ॥૪૮॥

विना भक्तप्रसङ्गेन सदगुरोः कृपया विना ।।
श्रीभागवतशास्त्रेण विना भक्तिः कथं भवेत् ।।४९।।

भावार्थ

भक्तके सङ्ग विना, सद्गुरुकी कृपा विना तथा श्रीभावगवत शास्त्र विना श्रीकृष्णमें भक्ति केसें होय सके ?।।४९।।

ગુજરાતી અનુવાદ

ભક્તના સઙ્ગ વિના, સદ્‌ગુરુની કૃપા વિના તથા શ્રીભાવગવત શાસ્ત્ર વિના શ્રીકૃષ્ણમાં ભક્તિ કેમ થઇશકે ? ॥૪૯॥

विना गद्‌गदकण्ठेन द्रवता चेतसा विना ।।
विना नृत्येन गानेन हरिप्रीतिः कथं भवेत् ?।।५०।।

भावार्थ

कीर्तन करत भगवदावेशसों कण्ठ गद्गदित नहोय, स्मरण करत भगवत्प्रेमसों चित्त आर्द्र न होय, नृत्य-गान सहित भगवद्भजनके विना प्रभुमें प्रेम केसें होय ?।।५०।।

ગુજરાતી અનુવાદ

કીર્તન કરતાં ભગવદાવેશથી કણ્ઠ ગદ્ગદિત નથઈ જાય, સ્મરણ કરતાં ભગવત્પ્રેમથી ચિત્ત ભીંજાઇ ન જાય, નૃત્ય-ગાન સહિત ભગવદ્ભજન વિના પ્રભુમાં પ્રેમ કેમ થઇ શકે ?॥૫૦॥

''दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते''।।५१।।

भावार्थ

ये गुणमयी मेरी दैवी माया निश्चय ही कष्टसों जीती जा सके एसी हे. तातें जो मेरी शरणमें आवे हे वो ही मेरी या मायाकों तरि सके हे ।।५१।।

ગુજરાતી અનુવાદ

આ ગુણમયી મારી દૈવી માયા ચોક્કસ જકષ્ટથી જીતી શકાય તેવી છે. તેથી જે મેમા શરષ આવે છે તે જમેરી આ માયાને તરી શકે છે ॥૫૧॥

(सृष्टिके कर्ता केवल भगवान् हें, तासों ये सृष्टि भगवदात्मिका हे, सो या सृष्टिमें पुष्टिजीवकों भजनानन्दानुभवके प्रदानार्थ प्रकट किये हें, तासों पुष्टिजीवकों भगवदनुग्रहार्थ नियोजित करनोंहु भगवत्सेवा ही हे)

क्रीडार्थम् असृजत् पूर्वं स्वात्मना स्वात्मकं जगत् ।।
तत्र कायभवा पुष्टिः लीलासृष्टिर् अनुत्तमा ।।५२।।

भावार्थ

भगवान्नें पहिले तो क्रीडाके अर्थ आपुसों स्वात्मक इतनें भगवदात्मक जगत् प्रकट कियो. ता जगत्में जो दैवी जीव हैं तिनको अपनी कायातें प्रकटी पुष्टिसृष्टिकी उत्तमोत्तम लीलामें अङ्गीकार कियो ।।५२।।

ગુજરાતી અનુવાદ

ભગવાને પહેલાં તો ક્રીડા માટે પોતાનામાંથી સ્વાત્મક એટલે કે ભગવદાત્મક જગત્ પ્રકટ કર્યું. તે જગત્માં જે દૈવી જીવ છે તેમનો પોતાની કાયાથી પ્રકટ

કરેલી પુષ્ટિસૃષ્ટિનો ઉત્તમોત્તમ લીલામાં અઙ્ગીકાર કર્યો છે ॥૫૨॥

वामांश-सम्भवानान्तु भजनानन्दलब्धये ।।
विसृष्टानां ततोऽन्येषां नान्या साधनपद्धतिः ।।५३।।

भावार्थ

प्रभुके वाम अंशसों प्रकट भये जीव के जिनकों प्रभूनूनें भजनानन्दको दान करिवेकों प्रकट किये हें विनकों यातें भिन्न दूसरो कोई उपाय नाहीं हे ।।५३।।

ગુજરાતી અનુવાદ

પ્રભુના વામ અંશમાંથી પ્રકટ થયેલા જીવો કે જેમને પ્રભુએ ભજનાનન્દનું દાન આપવા માટે પ્રકટ કર્યા છે તેમના માટે આનાથી જુદો બીજો કોઇ ઉપાય નથી ॥૫૩॥

‘‘यस्यायम् अनुगृह्णाति भगवान् आत्मभावितः ।।

सजहाति मतिं लोके वेदे चपरिनिष्ठिताम्'' ।।५४।।

भावार्थ

आत्मतया भावित भगवान् जापें कृपा करे हें वो भक्त लोक अरु वेद में परिनिष्ठित अपनी मतिकों हु त्याग दे हे ।।५४।।

ગુજરાતી અનુવાદ

આત્મા તરીકે જેમનું ભાવન કરવામાં આવે છે તેવા ભગવાન્ જેના ઉપર કૃપા કરે છે તે ભક્ત લોક અને વેદ માં પરિનિષ્ઠિત પોતાની મતિનો પણ ત્યાગ કરીદે છે ॥૫૪॥

अनुग्रहे नियोज्योऽतः संग्रहः श्रुतिसम्मतः ।।
महतां समयो मानं महान्तोऽत्र हरेः प्रियाः ।।५५।।

भावार्थ

भगवद्भक्तिमें मति स्थिर होय तदर्थ लोक-वेदमें आसक्त दैवी जीवन्कों भगवद् अनुग्रहमार्गके प्रति प्रेरित करने चहिये. एसो लोकसंग्रह(परोपकार) हु वेदसम्मत ही हे. यहां प्रमाण महान् पुरुषन्को आचर हु हे. भगवान्कों जे प्रिय हें वे ही वस्तुतः महान् हें ॥५५॥

ગુજરાતી અનુવાદ

ભગવદ્‌ભક્તિમાં મતિ સ્થિર થાય તે માટે લોક-વેદમાં આસક્ત દૈવી જીવોને ભગવદ્ અનુગ્રહમાર્ગના પ્રત્યે પ્રેરિત કરવા જોઇએ. આ પ્રકારનો લોકસંગ્રહ(પરોપકાર) પણ વેદસમ્મત જ છે. આ બાબતમાં પ્રમાણ મહાપુરુષોનું આચરણ પણ છે. ભગવાનને જે પ્રિય હોય તે જખરેખર તો મહાન્ કહેવાય ॥૫૫॥

(श्रीमद्भागवतके ''रतिरासो...'' ३।७।१८ श्लोकमें निरूपित भजनानन्दकी उपलब्धिके काज आत्मसमर्पणादि साधनन्को निरूपण)

अतस् तदनुरोधेन 'रतिरासो' यथा भवेत् ।।
तदर्थं वरणं कार्यं श्रीगोपालमहामनोः ।।५६।।

भावार्थ

(''यत्सेवया भगवतः ...रतिरासो भवेत्'' श्लोकमें गुरुसेवाकों भक्त्युपयोगी बताई हे) तातें गुरुकी आज्ञाके अनुसार जेसें रतिरासरूप भजनानन्द सिद्ध

होय वाके अर्थ गोपालमन्त्र अथवा परिवृढाष्टक स्तोत्रको नित्य अनुसन्धान करनो ।।५६।।

ગુજરાતી અનુવાદ

(''યત્સેવયા ભગવતઃ ...રતિરાસો ભવેત્'' શ્લોકમાં ગુરુસેવાને ભક્તિમાં ઉપયોગી કહી છે) તેથી ગુરુની આજ્ઞા અનુસાર જે રીતે રતિરાસરૂપ ભજનાનન્દ સિદ્ધ થાય તે માટે ગોપાલમન્ત્ર અથવા પરિવૃઢાષ્ટક સ્તોત્ર નું નિત્ય અનુસન્ધાન કરવું ॥૫૬॥

नायमात्मा प्रवचनैर् नधिया नबहुश्रुतैः ।।
लभ्यते वरणं हित्वा वृतं संवृणुते श्रुतेः ।।५७।।

भावार्थ

ये परमात्मा वरण विना नप्रवचनसों, नबुद्धिसों, न तो बहुत सुनिवेसोंहु प्राप्त होय सके हे. वरणको ये नियम श्रुतिसों प्रसिद्ध हे ।।५७।।

ગુજરાતી અનુવાદ

આ પરમાત્મા વરણ વિના ન તો પ્રવચનથી, નજ્ઞાનથી, નતો બહુત શ્રવણ કરવાથી પ્રાપ્ત થઇ શકે છે. વરણનો આ નિયમ વેદથી પ્રમાણિત થયેલો છે ॥૫૭॥

स्मृत्वा स्वीयवियोगाग्निं तापदाहो भवाम्बुधौ ।।
ततः सर्वं समर्प्यैव श्रीगोपालमनुं श्रयेत् ।।५८।।

भावार्थ

या भवसागरमें भगवद्वियोग अग्निदाहके समान् है. तातें (गद्यमन्त्रोक्त प्रकारसुं) भगवद्‌वियोग जन्य अग्निको स्मरण करिके वा वियोगाग्निकी निवृत्तिके अर्थ सब कछु प्रभूनकूं अर्पण करिके श्रीगोपालमन्त्रको आश्रय करे ।।५८।।

ગુજરાતી અનુવાદ

યા ભવસાગરમાં ભગવદ્વિયોગ એ અગ્નિદાહના સમાન્ છે. તેથી (ગદ્યમન્ત્રોક્ત પ્રકારે) ભગવદ્‌વિયોગ જન્ય અગ્નિનું સ્મરણ કરીને તે વિયોગાગ્નિની નિવૃત્તિ માટે બધું પ્રભુને અર્પણ કરીને શ્રીગોપાલમન્ત્રનો આશ્રય કરવો ॥૫૮॥

''इष्टं दत्तं तपो जप्तं वृतं यच्चात्मनः प्रियम् ।।
दारान् सुतान् गृहान् प्राणान् यत् परस्मै निवेदनम्''।।५९।।

भावार्थ

समस्त इष्ट इतनें यज्ञादि अरु पूर्त इतनें दान-जप-तप-वृत आदि कर्मन्को अरु अपने प्रिय स्त्री, पुत्र, घर, प्राण आदि कोहु भगवत्सेवाके अर्थ निवेदन करे ।।५९।।

ગુજરાતી અનુવાદ

સમસ્ત ઈષ્ટ એટલે કે યજ્ઞ વગેરે અને પૂર્ત એટલે કે દાન-જપ-તપ-વૃત આદિ કર્મોને અને પોતાના પ્રિય એવા સ્ત્રી, પુત્ર, ઘર, પ્રાણ વગેરેનું પણ ભગવત્સેવામાટે નિવેદન કરે ॥૫૯॥

''इति भागवतान् धर्मान् शिक्षन् भक्त्या तदुत्थया ।।
नारायणपरो मायाम् अञ्जस्तरति दुस्तराम्'' ।।६०।।

भावार्थ

एसे प्रकारसों भागवतधर्मन्कों जानिके, वातें उत्पन्न भई भक्तिसों नारायणमें परायण होयके भक्त दुस्तर मायाकोंहु शीघ्रतासों तरि जाय हे ।।६०।।

ગુજરાતી અનુવાદ

આવા પ્રકારે ભાગવદ્ધર્મોને સમજીને તેનાથી ઉત્પન્ન થયેલ ભક્તિથી નારાયણપરાયણ થઈને ભક્ત દુસ્તર માયાને પણ ઝડપથી તરી જાય છે ॥૬૦॥

(ताहां भक्तिमार्गमें निषिद्ध एसी कछूक बातन्को निरूपण)

एवं योगीश्वरोक्तेन भक्तिमार्गेण यो यजेत् ।।
सएवातीत्य कलिजान् दोषान् गच्छेत् परं पदम् ।।६१।।
नावैष्णवैः सह वसेन् नतैः संसर्गमाचरेत् ।।
प्रसङ्गेषु हरिं ध्यायेत् ... ...

भावार्थ

एसें (एकादशस्कन्धमें निरूपित) योगीश्वरोक्त भक्तिमार्गसों जो भगवान्को भजन करे हे वो कलिदोषन्कों पार करिके उत्तम पदकों प्राप्त होत हे ॥६१॥

अवैष्णवन्के सङ्ग न रहे, विनको संसर्ग हु न करे. क्वचित् सङ्ग होयवेपें हरिको ध्यान धरे. ...

ગુજરાતી અનુવાદ

આમ(એકાદશ સ્કન્ધમાં નિરૂપિત) યોગીશ્વરોક્ત ભક્તિમાર્ગથી જે ભગવાનની સેવા કરે છે તે કલિદોષોને પાર કરીને ઉત્તમ પદને પ્રાપ્ત કરે છે ॥૬૧॥

અવૈષ્ણવની સાથે નરહેવું, તેમનો સંસર્ગ પણ ન રાખવો. ક્યારેક સંગ થઇ જાય તો હરિનું ધ્યાન ધરવું. ...

... ... स्नायात् कर्मणि मन्त्रतः ॥६२॥
देहशुद्धिः सदा कार्या करशुद्धिः विशेषतः ॥
स्वपात्रं भगवत्पात्रं स्नानपात्रं नमेलयेत् ॥६३॥

भावार्थ

कर्ममें मन्त्रसों स्नान करे ॥६२॥

स्नानादिसों देहकी शुद्धि सदा राखनी. एसें ही दोउ हाथन्की शुद्धि हु विशेष सावधानी राखिके करनी. अपने उपयोगमें आते बासन, भगवत्सेवोपयोगी बासन अरु स्नानके पात्रन् कों मिलाने नाहीं ।।६३।।

ગુજરાતી અનુવાદ

કર્મમાં મન્ત્રોથી સ્નાન કરવું ॥૬૨॥

સ્નાનાદિ કરીને દેહ વગેરેની શુદ્ધિ સદા રાખવા. તે જપ્રમાણે બન્ને હથોની શુદ્ધિ પણ વિશેષ સાવધાનીથી કરવી. પોતાના ઉપયોગમાં આવતા વાસણો, ભગવત્સેવોપયોગી વાસણો અને સ્નાનપાત્રો ને જુદાં-જુદાં રાખવા ॥૬૩॥

एवं वस्त्रेऽपि विज्ञेये शुद्ध्यशुद्धी स्ववैष्णवैः ।।
गोपयेत् स्वागमाचारं पाकसेवां हरेरपि ।।६४।।

भावार्थ

वस्त्रन्के विषेहु एसें ही समजनो. स्वमार्गीय वैष्णवन्सों शुद्धि-अशुद्धिकी समझ लेनी. परम्परासों प्राप्त स्वमार्गीय अन्तरङ्ग आचार तथा प्रभुकी रसोई आदिकी सेवाकों हु अन्यन्सों गुप्त राखनी ।।६४।।

ગુજરાતી અનુવાદ

વસ્ત્રોની બાબતમાં પણ એ જ પ્રમાણે સમજવું. સ્વમાર્ગીય વૈષ્ણવો પાસેથી શુદ્ધિ-અશુદ્ધિની સમજ મેળવવી. પરમ્પરાથી ચાલ્યા આવતા સ્માર્ગીય અન્તરંગ આચાર તેમજ પ્રભુની રસોઇ વગેરેની સેવા પણ બીજાઓથી ગુપ્ત રાખવી ॥૬૪॥

(भगवत्सेवामें व्यवहार्य शुद्ध वस्तून्को उपदेशः)

सौवर्णैः राजतैस् ताम्रैः पात्रैर् व्यवहरेत् परैः ।।
पाके स्वीयान् सतीर्थ्यांश्च सवर्णान् सन्नियोजयेत् ।।६५।।

भावार्थ

सोने, चांदी, तांबा के पात्रन्कों व्यवहारमें लेवे. रसोईमें परिवारके लोगन्कों अरु समान गुरु होंय एसे समान वर्णके लोगन्कों सम्मिलित करे ।।६५।।

ગુજરાતી અનુવાદ

સોના, ચાંદી, ત્રાંબા ના પાત્રોનો ઉપયોગ કરવો. રસોઇમાં પણ પરિવારના અને વૈષ્ણવ હોય તેવા સમાન વર્ણના જલોકોને સમ્મિલિત કરવા ॥૬૫॥

समर्प्यैव शुचिः पूर्वं हरयेऽन्यत्र योजयेत् ।।
द्विमुखं शुचि पात्रं तु ह्यंशुकं लोमजं शुचि ।।६६।।

भावार्थ

शुद्धवस्तु प्रथम प्रभून्कों समर्पित करे ता पाछें अन्य कार्यमें उपयोग करे. स्नान-पान-प्रक्षालनादि कार्यके तांई दो मुंहवारे (झारी / करवा) पात्र शुद्ध माने जांय हें. एसें ही ऊनके वस्त्र शुद्ध माने जांय हें ।।६६।।

ગુજરાતી અનુવાદ

શુદ્ધવસ્તુ સર્વપ્રથમ પ્રભુને સમર્પિત કરવી તે પછી બીજા કામમાં વાપરવી. સ્નાન-પાન-પ્રક્ષાલન વગેરે કાર્યો માટે બે મોઢાં વાળા (ઝારી કે કરવા) વાસણ શુદ્ધ માનવામાં આવ્યાં છે. વસ્ત્રમાં ઊન શુદ્ધ મનાય છે ॥૬૬॥

कार्पासमाहतं शुद्धं नवकौसुम्भयुक् शुचिः ।।
विप्रैर्व्यवहृतं तीर्थम् आरामं चगृहं शुचिः ।।६७।।

भावार्थ

सूती वस्त्र धोयो भयो, नवीन रङ्ग्यो भयो शुद्ध कह्यो जात हे. ब्राह्मणद्वारा उपयोगमें लियो जातो जल पवित्र मान्यो जात हे. एसें ही आराम(बगीची अर्थात् गामके बाहर उपवनमें निर्मित अतिथिनिवास) तथा घर शुद्ध कह्यो जात हे ।।६७।।

ગુજરાતી અનુવાદ

સૂતરાઉ કાપડ ધોયલું, નવું રંગેલું શુદ્ધ મનાય છે. બ્રાહ્મણદ્વારા ઉપયોગમાં લેવામાં આવતું પાણી પવિત્ર મનાય છે. તે જપ્રમાણે આરામ (બગીચી એટલે કે ગામ બહાર ઉપવનમાં બનાવેલું અતિથિનિવાસ) અને ઘર શુદ્ધ મનાય છે ॥૬૭॥

(भगवत्सेवामें जो परायण होंय तिनकों अन्यदेवाश्रय तो निषिद्ध होयवेपें हु अन्यदेवन्को अपमान कबहु नकरनो. तासों कहा-केसे करनो ताको प्रकार)

नान्यदेवं व्रजेद् नैव प्रसक्तौ ह्यपमानयेत् ।।

तीर्थेषु तीर्थदेवानां भूदेवानां समर्चनम् ।।६८।।

भावार्थ

वैष्णवन्कों अन्य देवके पास कबहु न जानो. क्वचित् प्रसङ्गवश अन्य देवके सम्मुख होय जायें तब विनको अपमान कबहु न करे. तीर्थन्में तीर्थदेवतान्को तथा पुरोहित ब्राह्मणन्को सत्कार करे ।।६८।।

ગુજરાતી અનુવાદ

વૈષ્ણવે અન્ય દેવ પાસ ક્યારેય નજવું. પ્રસઙ્ગવશ ક્યારેક અન્ય દેવના સમ્મુખ થયા હોઈએ તો તેમનું અપમાન તો ક્યારેય ન કરવું. તીર્થમાં ગયા હોઈએ તો તીર્થદેવતાનો તથા તીર્થપુરોહિત બ્રાહ્મણોનો સત્કાર કરવો ॥૬૮॥

(कलियुगमें सन्न्यास, अग्निहोत्र आदि तो शक्य नहोयवेतें स्मार्ताग्निकों धारण करनो)

सन्न्यासश्चाग्निहोत्रं चकलौ नैव यथाविधिः ।।
सन्दिग्धधर्मसेवापि क्लेशायैवाल्पमेधसाम् ।।६९।।

भावार्थ

कलिकालमें सन्न्यास अरु अग्निहोत्र शास्त्रकी आज्ञा अनुसार शक्य नाहिं. तथापि अल्पबुद्धिवारे मनुष्य कर्तव्यके विषे सन्देहवारो होइके कछु धर्मकार्य करे तो वेसो धर्माचरण यथाविधि नाहीं होयवेतें क्लेशको ही कारण बनत हे ।।६९।।

ગુજરાતી અનુવાદ

કલિકાલમેં તો સન્નયાસ અને અગ્નિહોત્ર નું શાસ્ત્રાજ્ઞા મુજબ આચરણ કરવું શક્ય નથી. આમ છતાં અલ્પબુદ્ધિવાળો મનુષ્ય કર્તવ્યની બાબતમાં સન્દેહવાળો બનીને જેમ-તેમ કંઈક ધર્મકાર્ય કરે તો તેવું ધર્માચરણ શાસ્ત્રાજ્ઞા મુજબનું ન હોવાથી ક્લેશમાં જપરિણમે છે ॥૬૯॥

समर्थस्तु तयोः कुर्याद् विद्वान् स्मार्ताग्निधारणम् ।।
न्यासाश्रमात् पतन् मर्त्य आरूढपतितोऽगतिः ।।७०।।

भावार्थ

तातें एसी विषम स्थितिमें समर्थ विद्वान् होय सो सन्न्यास अरु अग्निहोत्र के स्थानपें स्मार्त अग्निकों धारण करे. क्योंके अधिकार विनाहु जो सन्न्यास आश्रममें जात हे सो कोउ फलकों प्राप्त नकरिके अरूढपतित होत हे ।।७०।।

ગુજરાતી અનુવાદ

તેથી આવી વિષમ પરિસ્થિતિમાં સમર્થ વિદ્વાન્ હોય તે સન્ન્યાસ તેમજ અગ્નિહોત્ર ના સ્થાને સ્માર્ત અગ્નિને ધારણ કરે. કારણકે વિના અધિકારે જે સન્ન્યાસ આશ્રમની દીક્ષા સ્વીકારે છે તે કોઇ પણ ફળને પ્રાપ્ત કર્યા વિના આરૂઢપતિત થાય છે ॥૭૦॥

यद्यप्येवं हि गार्हस्थ्यं वर्णधर्मेण दुष्करम् ।।
तथाप्यायातपतितं तद् बिभृयाद् देहयात्रया ।।७१।।

भावार्थ

या प्रकार गृहस्थाश्रममें रहिके जो स्मार्ताग्निकों धारण करे हे वातें हु वर्णाश्रमधर्मके अनुसार गृहस्थाश्रम यद्यपि कठिन हे तोहु क्योंके अनायास गृहस्थाश्रममें आय पर्यो हे तातें जेसें हु बनि आवे तेसें देहयात्राके साथ ताकों निर्वाह तो करे ।।७१।।

ગુજરાતી અનુવાદ

આ પ્રકારે ગૃહસ્થાશ્રમમાં રહીને જે સ્માર્તાગ્નિને ધારણ કરે છે તેનામાટે પણ જો કે વર્ણાશ્રમધર્મના અનુસાર ગૃહસ્થાશ્રમ કઠિનજ છે છતાંય કેમકે તે

અનાયાસજ ગૃહસ્થાશ્રમમાં આવી પડ્યો છે તેથી યથાશક્તિ દેહયાત્રાની સાથે ગૃહસ્થાશ્રમનો નિર્વાહ કરવાનો પ્રયત્ન કરે ॥૭૧॥

नगार्हस्थ्यं विना देह-यात्रा-धर्मोऽपि सिध्यति ।।
अतस्तस्मिन् स्थितस्यैव यत्किञ्चित् सिद्धि-सम्भवः ।।७२।।

भावार्थ

गृहस्थाश्रमके विना पितृकर्म, पुत्रोत्पत्ति आदिके अभावमें देहयात्राके अन्य धर्महु सिद्ध होइ सकत नाहीं. अन्य आश्रमधर्म तो कालबलसों दुष्कर होय गये हें तब गृहस्थधर्ममें रहे भयेकों ही कछुक सिद्धि प्राप्त होयवेकी सम्भावना शेष रहे हे ।।७२।।

ગુજરાતી અનુવાદ

ગૃહસ્થાશ્રમના વિના તો પિતૃકર્મ, પુત્રોત્પત્તિ આદિના અભાવમાં દેહયાત્રાના અન્ય ધર્મો પણ સિદ્ધ થઇ શકતાં નથી. અન્ય આશ્રમધર્મો જ્યારે કાળબળે દુષ્કર બની ગયાં છે ત્યારે ગૃહસ્થધર્મમાં રહેલાઓને જકંઇક સિદ્ધિ પ્રાપ્ત થવાની સમ્ભાવના શેષ રહે છે ॥૭૨॥

आश्रमो द्विविधः कौर्मे तत्रोदासीनको गृही ।।

आद्येऽपि नैष्ठिकश्चान्त्ये वैष्णवोऽधिकृतस्ततः ।।७३।।

भावार्थ

कूर्मपुराणमें सब आश्रमन्‌को श्रुतिसिद्ध द्वैविध्य बतायो हे. तामें प्रथम ब्रह्मचर्याश्रममें.

१. मरणपर्यन्त ब्रह्मनिष्ठ ह्वैके प्रथमाश्रममें रहिवेवारेकूं 'नैष्ठिक-ब्रह्मचारी' जाननो. अरु.
२. विधिवद् वेदाध्ययन करिके गृहस्थाश्रममें जायवेकी इच्छावारेकूं 'उपकुर्वाण-ब्रह्मचारी' जाननो..

गृहस्थ हु १. 'उदासीन' अरु २. 'साधक' एसें दोय प्रकारको कह्यो हे. तामें कुटुम्बके भरण-पोषणादिमें फंस्यो भयो गृहस्थ 'साधक' कह्यो जात हे. अरु देव-ऋषि-पितरके ऋणन्‌कूं चुकायके घर-धन-परिवारकों छांडिके जो इकलो ही मोक्षेच्छासों विचरण करतो रहे वाकों 'उदासीन' कह्यो जात हे. एसें ही वानप्रस्थ हु 'तापस' अरु 'सान्न्यासिक' एसें दोय प्रकारके होत हें. सन्न्यासी हु 'पारमेष्ठिक' अरु 'भिक्षु' एसें दोय प्रकारके होत हें ।।७३।।

सर्वेषामाश्रमाणान्तु द्वैविध्यं श्रुतिदर्शितं
ब्रह्मचार्युपकुर्वाणो नैष्ठिको ब्रह्मतत्परः ।।
योऽधीत्य विधिवद् वेदान् गृहस्थाश्रममाव्रजेद् ।
'उपकुर्वाणको' ज्ञेयो 'नैष्ठिको' मरणान्तिकः ।।
'उदासीनः' 'साधक'श्च गृहस्थो द्विविधो भवेत् ।
कुटुम्बभरणायत्तः साधकोऽसौ गृही भवेत् ।।

ऋणानि त्रीण्यपाकृत्य त्यक्त्वा भार्याधनादिकम् ।
एकाकी यस्तु विचरेद् उदासीनः समौक्षिकः ॥
तपस्तप्यति योऽरण्ये यजेद् देवान् जुहोति च।
स्वाध्याये चैव निरतो वनस्थः 'तापसो' मतः॥
तपसा कर्षितोऽत्यर्थं यस्तु ध्यानपरो भवेत् ।
'सान्न्यासिकः' सविज्ञेयो वानप्रस्थाश्रमे स्थितः॥
योगाभ्यासरतो नित्यम् आरुरुक्षुर्जितेन्द्रियः ।
ज्ञानाय वर्त्तते भिक्षुः प्रोच्यते 'पारमेष्ठिकः'॥
यस्त्वात्मरतिरेव स्यान् नित्यतृप्तो महामुनिः।
सम्यग्दर्शनसम्पन्नः स योगी 'भिक्षु'रुच्यते''॥

(कूर्मपुरा. २।७६-८४)

ગુજરાતી અનુવાદ

કૂર્મપુરાણમાં બધા આશ્રમોનું શ્રુતિસિદ્ધ દ્વૈવિધ્ય બતાવવામાં આવ્યું છે. તેમાં પ્રથમ બ્રહ્મચર્યાશ્રમમાં.
૧. મરણપર્યન્ત બ્રહ્મનિષ્ઠ બનીને પ્રથમ આશ્રમમાં જરહેવાવાળાને 'નૈષ્ઠિક-બ્રહ્મચારી' જાણવો. અનેં.
૨. વિધિવદ્ વેદાધ્યયન કરીને ગૃહસ્થાશ્રમમાં જવાની ઇચ્છાવાળાને 'ઉપકુર્વાણ-બ્રહ્મચારી' જાણવો.

ગૃહસ્થ પણ ૧. 'ઉદાસીન' અને ૨. 'સાધક' આમ બે પ્રકારનો કહ્યો છે. તેમાં કુટુમ્બના ભરણ-પોષણાદિમાં અટવાયેલો ગૃહસ્થ 'સાધક' કહેવાય છે. અને

દેવ-ઋષિ-પિતરના ઋણોને ચૂકવીને ઘર-ધન-પરિવારનો ત્યાગ કરીને જે એકલો જમોક્ષપ્રાપ્તિની ઇચ્છાથી વિચરણ કરતો રહે છે તેને 'ઉદાસીન' કહેવામાં આવે છે. તે જપ્રમાણે વાનપ્રસ્થ પણ 'તાપસ' અને 'સાન્નયાસિક' આમ બે પ્રકારનો હોય છે. સન્નયાસી પણ 'પારમેષ્ઠિક' અને 'ભિક્ષુ' આમ બે પ્રકારનો હોય છે. (કૂર્મપુરાણના મૂળ વચનો ઉપર આપેલ છે)॥૭૩॥

(द्विजेतर पुष्टिमार्गीयन्के कर्तव्यको निर्देश)

शूद्रस्तु हिंस्त्रकार्येण निषिद्धस्याशनेन च।।
निवृत्तोऽसौ भजेत् कृष्णं महद्‌भिरनुकम्पितः ।।७४।।

भावार्थ

द्विजेतर लोग जामें जीवहिंसा होय एसी आजीविका, कार्य आदिको तथा निषिद्ध भोजनको त्याग करिके बड़ेन्की कृपा प्राप्त करिके कृष्णभजन करें ।।७४।।

ગુજરાતી અનુવાદ

દ્વિજેતર લોકો જેમાં જીવહિંસા હોય તેવી આજીવિકા, કાર્ય વગેરે નો તથા નિષિદ્ધ ભોજનનો ત્યાગ કરીને; જ્યેષ્ઠ વૈષ્ણવોની કૃપા મેળવીને કૃષ્ણની સેવા

કરે ॥૭૪॥

सहितं हरिभक्तानां ब्राह्मणानां चरेद् गवाम् ।।
पादसेवा चमहतां यद्वृत्त्या तुष्यते हरिः ।।७५।।

भावार्थ

ગુજરાતી અનુવાદ

દ્વિજેતર લોકોએ ભગવદ્ભક્ત, બ્રાહ્મણ અને ગાયો નું હિત થાય તેવા કાર્યો કરવા. ભગવાને ગીતામાં દ્વિજેતર લોકોનું કાર્ય દ્વિજોની પરિચર્યા બતાવ્યું છે તેથી તે પ્રમાણે કરવું. આમ સ્વધર્માચરણમાં પરાયણ રહેવાથી ભગવાન્ હરિ અવશ્ય પ્રસન્ન થાય છે ॥૭૫॥

दानं व्रतं पैतृकं चशौचं शान्तिम् अथाश्रयेत् ।।
हरिमेव भजेत् प्रेम्णा तेन सिध्यति सत्वरम् ।।७६।।

भावार्थ

दान, व्रत, श्राद्ध-तर्पणादि पितृसम्बन्धी कार्य अवश्य करने. शास्त्रानुसार शुद्धि-पवित्रता अरु यथालाभ सन्तोषरूपा शान्ति राखनी. एसें करत प्रेम-भक्तिसों श्रीकृष्णको ही भजन करेतें शीघ्र सिद्धि प्राप्त होत हे ।।७६।।

ગુજરાતી અનુવાદ

દાન, વ્રત, શ્રાદ્ધ-તર્પણાદિ પિતૃકાર્ય અવશ્ય કરવા. શાસ્ત્રાનુસાર શુદ્ધિ-પવિત્રતા અને યથાલાભ-સન્તોષરૂપી શન્તિ રાખવી. આમ કરતાં પ્રેમ-ભક્તિથી શ્રીકૃષ્ણની જ સેવા કરવાથી શીઘ્ર સિદ્ધિ પ્રાપ્ત થાય છે ॥૭૬॥

नवेदश्रवणं कार्यं स्पर्धासूयादिनान्यतः ।।
न्यग्भावेन प्रपन्नोऽसौ भवेद् दासो हरेर्गुरोः ।।७७।।

भावार्थ

द्विजेतरन्कों अन्यन्यन्सों स्पर्धा अथवा ईर्ष्या के भावसों जामें विनको अधिकार नाहीं हे एसो वेदको श्रवणादि नाहीं करनो. दीन भावसों शरणागत होयके हरि-गुरुको दास बनिके रहनो ।।७७।।

ગુજરાતી અનુવાદ

દ્વિજેતર લોકોએ અન્યવર્ણના લોકો પ્રત્યે સ્પર્ધા કે ઈર્ષ્યા ભાવથી, શાસ્ત્રે જેમાં તેઓનો અધિકાર માન્ય નથી કર્યો તેવા, વેદનું શ્રવણ આદિ કર્યો ન કરવા. દીન ભાવે શરણાગત થઇને હરિ-ગુરુના દાસ બનીને રહેવું ॥૭૭॥

(स्त्रियन्‌के भगवद्‌भजनकी रीतिको निरूपण)

सधवा भर्तृभावेन विधवा पुत्रभावतः ।।
श्रीकृष्णं संश्रयेत् साध्वी जितचित्तेन्द्रिया शुचिः ।।७८।।

भावार्थ

चित्त अरु इन्द्रियन् पें संयमवारी, पवित्र आचरणवारी साधुस्वभावकी सौभाग्यवती स्त्री पतिभावसों अरु विधवा स्त्री पुत्रभावसों श्रीकृष्णको आश्रय करे ।।७८।।

ગુજરાતી અનુવાદ

ચિત્ત અને ઈન્દ્રિય પર સંયમ, પવિત્ર આચરણ તેમજ સાધુસ્વભાવ વાળી સૌભાગ્યવતી સ્ત્રી પતિભાવથી અને વિધવા સ્ત્રી પુત્રભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કરે ॥૭૮॥

पति-पुत्रादि-बन्धूनाम् आनुकूल्येऽस्य सेवनम् ।।
तदभावे भजेद् भक्त्या कीर्तनैः श्रवणैः स्मृतैः ।।७९।।

भावार्थ

परिवारके पति-पुत्रादि परिजन तथा बन्धुजन यदि अपने अनुकूल होंय तो श्रीकृष्णकी स्वगृहमें सेवा करनी. वे लोग यदि अनुकूलन होंय तो भक्तिभावसों प्रभुके श्रवण-कीर्तन-स्मरण करने ।।७९।।

ગુજરાતી અનુવાદ

પરિવારના પતિ-પુત્રાદિ પરિજનો તથા બન્ધુજનો જો પોતાને અનુકુળ હોય તો શ્રીકૃષ્ણની સ્વગૃહમાં સેવા કરવી. જો તેઓ અનુકુળન હોય તો ભક્તિભાવથી પ્રભુના શ્રવણ-કીર્તન-સ્મરણ કરવા ॥૭૯॥

तेषामेव तथात्वेतु परिचर्या समन्दिरात् ।।
हरेर्गुरोः सम्भवति ह्यस्वतन्त्राः स्त्रियो यतः ।।८०।।

भावार्थ

प्रायः स्त्रीजन क्योंके अपनी इच्छानुसार कार्य करिवेकुं समर्थ होत नाहिं अतः यदि पति पुत्र आदि अरु बन्धुजन अनुकूल होंयतब ही विनके सङ्ग मिलिके घरमें श्रीकृष्णकी यथायोग्य सेवा-परिचर्या सम्भव होत हे. अन्यथा मर्यादामार्गके अनुसार काहु देवालयमें बिराजमान भगवत्स्वरूपकी अर्चनामें अथवा पुष्टिमार्गीय गुरुकी परचारगी करिवेते स्त्रीजननूकूं थोड़ो-बहोत परोक्ष भजन शक्य हे ।।८०।।

ગુજરાતી અનુવાદ

ઘણું કરીને સ્ત્રીજનો કેમકે પોતાની ઇચ્છાનુસાર કાર્ય કરવામાં સમર્થ હોતા નથી તેથી જો પતિ-પુત્રાદિ તથા બન્ધુજનો અનુકુળ હોય તો જ તેમની સાથે હળી-મળીને ઘરમાં શ્રીકૃષ્ણની યથાયોગ્ય સેવા-પરિચર્યા કરવી તેમનામાટે સમ્ભવ બનતી હોય છે. જો આમ શક્ય ન હોય તો મર્યાદામાર્ગ અનુસાર કોઇ દેવાલયમાં બિરાજતા ભગવત્સ્વરૂપની અર્ચનાથી અથવા પુષ્ટિમાર્ગીય ગુરુની પરિચર્યા કરવાથી પણ સ્ત્રીજનોને ભગવત્સેવાનો પરોક્ષ લાભ મળી શકે છે ॥૮૦॥

स्वतन्त्रतायां दोषो हि स्त्रीणां सर्वत्र जायते ।।
अतस्तया तथा भूत्वा हरिः सेव्यस्तदिच्छया ।।८१।।

भावार्थ

पति-पुत्रादिक अनुकूल नाहीं होंय तथापि स्त्रीजन यदि विनकी इच्छासों विरुद्ध आचरण करत हें तब विनकी सर्वत्र निन्दा होत हे, तातें चित्तमें क्लेश होत हे. अतः जिनके आश्रित होंय विनके प्रतिकूल नहोइके, प्रभुकी वेसी ही इच्छा हे एसी भावनासों धैर्य धारण करिके प्रभुको आन्तर भजन करे. अरु यदि उपलब्ध होय तो भगवत्सेवापरायण भगवदीयकी वैष्णवकी परिचारगीद्वारा परोक्ष भगवद्भजनहु करे ।।८१।।

ગુજરાતી અનુવાદ

પતિ-પુત્રાદિ અનુકુળ ન હોય તેમ છતાં જો સ્ત્રીજન તેમની ઇચ્છાથી વિરુદ્ધ આચરણકરે તો તેઓ લોકમાં સર્વત્ર નિન્દાને પાત્ર બનતા હોય છે. આથી તેઓ જેના આશ્રિત હોય તેને પ્રતિકુળ થયા વિના, પ્રભુની એવી જ ઇચ્છા હશે એવી ભાવનાથી ધૈર્ય ધારણ કરીને પ્રભુનું આન્તર ભજન કરે. આ સાથે ઉપલબ્ધ હોય તો ભગવત્સેવાપરાયણ ભગવદીય વૈષ્ણવની પરિચર્યાદ્વારા પરોક્ષ ભગવદ્ભજન પણ કરે ॥૮૧॥

चित्रमात्रेऽपि सेवा स्यात् प्रतिबन्धे गुरोर्गिरा ।।

छलेनापि भजन् कृष्णं मुच्यते गोपिकादिवत् ।।८२।।

भावार्थ

प्रतिबन्ध होयवेपें (अथवा शिला-धातुसों निर्मित भगवत्स्वरूपकी सेवा करि सकवेकी अनुकूलता न होय तो) गुरुकी आज्ञा लेयके श्रीकृष्णके चित्रस्वरूपकी हु सेवा होइ सकत हे. कृष्णावतारमें कर्मकाण्डी ब्राह्मणन्की पत्निएं अपने पतीन्की आज्ञा विना, विनके विरोध करिवेपें हु प्रभून्कों यज्ञकी सामग्री अरोगावे गयीं विनको हु उद्धार जेसें प्रभून्नें कियो हतो तेसें वर्तमानमें हु ज्येष्ठ परिजनन्की आज्ञा विना हु भगवत्सेवा करिवेतें उद्धार होत ही हे ।।८२।।

ગુજરાતી અનુવાદ

પ્રતિબન્ધ હોયવેપેં (અથવા શિલા-ધાતુથી નિર્મિત ભગવત્સ્વરૂપની સેવા કરી સકવાની અનુકુળતા ન હોય તો) ગુરુની આજ્ઞા લઇને શ્રીકૃષ્ણના ચિત્રસ્વરૂપની પણ સેવા કરી શકાય છે. કૃષ્ણાવતારમાં કર્મકાણ્ડી બ્રાહ્મણોની આજ્ઞા વિના તેમજ તેઓના વિરોધ કરવા છતાં પ્રભુમાટે યજ્ઞની સામગ્રી આરોગાવવા ગયેલ બ્રાહ્મણપત્નિઓનો ઉદ્ધાર જેમ પ્રભુએ કર્યો હતો તેમ વર્તમાનમાં પણ જ્યેષ્ઠ પરિજનોની આજ્ઞા વિના પણ ભગવત્સેવા કરવાથી પ્રભુ ઉદ્ધાર કરે જ છે ॥૮૨॥

पुरुषापेक्षया स्त्रीणां हृदयं मृदु दृश्यते ।।
अतस्तदनुरागोऽत्र सद्य एवाभिषज्यते ।।८३।।

भावार्थ

पुरुषन्की तुलनामें स्त्रीजनन्के हृदय कोमल होत हें. तातें प्रभुमें विनको अनुराग पुरुषन्के करते शीघ्र होय जात हे ।।८३।।

ગુજરાતી અનુવાદ

પુરુષોની સરખામણીમાં સ્ત્રીજનોનું હૃદય કોમળ હોય છે. તેથી પ્રભુમાં તેઓનો અનુરાગ પુરુષો કરતાં ઝડપથી થઇ જતો હોય છે ॥૮૩॥

कामदोषो हि नारीणां कनकानां यथा रजः ।।
तज्जये विजितः कृष्णः कृष्णः स्त्रीणां प्रियो यतः ।।८४।।

भावार्थ

सुवर्णको दोष जेसें रज होत हे तेसें स्त्रीन्में दोष काम होत हे. पुष्टिभक्ति तो क्योंके निर्गुण होत हे तातें कामभावपें विजय पावें तो स्त्रीजन निर्गुणभावसों शीघ्र ही प्रभून्कों स्वाधीन करि सकत हें. श्रीकृष्णतो नहिंतो हु स्त्रीन्कों प्रिय होतही हें !।।८४।।

ગુજરાતી અનુવાદ

સાનોનો દોષ જેમ રજ હોય છે તેમ સ્ત્રીઓમાં દોષ 'કામ' હોય છે. પુષ્ટિભક્તિ તો કેમકે નિર્ગુણ હોય છે તેથી કામભાવ ઉપર જો વિજય મેળવે તો સ્ત્રીજનો ઝડપથી પ્રભુને સ્વાધીન કરી શકે છે. શ્રીકૃષ્ણ તો આમ પણ સ્ત્રીજનોને પ્રિય હોય જછે ॥૮૪॥

उदकी चप्रसूता स्त्री अशुचिश्च तथा पुमान् ।।
दर्शन-स्पर्शनादीनि सेव्यमूर्तेर् विवर्जयेत् ।।८५।।

भावार्थ

अटकाववारी किंवा जच्चा होय सो एसी स्त्री तथा सूतकी अरु अपवित्र अवस्थावारे स्त्री-पुरुष सेव्य प्रभुस्वरूपके दर्शन-स्पर्श आदि न करें ।।८५।।

ગુજરાતી અનુવાદ

રજસ્વલા તથા પ્રસૂતા સ્ત્રી તથા સૂતકી તેમજ અપવિત્ર અવસ્થાવાળા સ્ત્રી-પુરુષોએ સેવ્ય પ્રભુસ્વરૂપના દર્શન-સ્પર્શ આદિ નકરવા ॥૮૫॥

(सेव्य भगवत्स्वरूपके प्रकार सेवाको प्रकार स्वरूपप्रतिष्ठाको प्रकार स्वरूपकी शुद्धिको प्रकार स्वरूप कहांते प्राप्त करनो ताको प्रकार इत्यादि विषयक उपदेश)

चित्रमूर्तिरविज्ञानां पराधीनात्मनामपि ।।
शुचिश्लक्ष्णामपीच्यां चगुरुदत्तां भजेद् वरैः ।।८६।।
तीर्थतोयैर्निजैर्मन्त्रैः संस्कृतां सुमनोहराम् ।।
लघ्वीमेव भजेद् मूर्तिं यथालब्धोपचारकैः ।८७।।

भावार्थ

गुरुसों प्राप्त भई पवित्र, सुकुमार अरु अति सुन्दर एसे भगवत्स्वरूपकी सेवा करनी. श्रीयमुनाजी जेसे श्रेष्ठ तीर्थके जलसों, सम्प्रदायपरम्परासों प्राप्त निजमन्त्रसों संस्कार करे भये सुन्दर मनोहर बहुत बड़े नहीं एसे भगवत्स्वरूपकी सहजतासों उपलब्ध वस्तून्सों सेवा करे. जिनकों सेवाविधि आदिको पूर्ण ज्ञान नहोय ओर / अथवा पराधीन होयवेतें अन्य भगवत्स्वरूपकी सेवा करिवेकी अनुकूलता जिनकों न होय तिनकों चित्रस्वरूपकी सेवा करनीही उचित हे ।।८६, ८७।।

ગુજરાતી અનુવાદ

ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલ પવિત્ર, સુકુમાર અને અતિ સુન્દર ભગવત્સ્વરૂપની સેવા કરવી. શ્રીયમુનાજી જેવા શ્રેષ્ઠ તીર્થજલથી, સમ્પ્રદાયપરમ્પરાથી પ્રાપ્ત થયેલ નિજમન્ત્રથી જેનો સંસ્કાર કરેલો હોય તેવા સુન્દર મનોહર બહુ મોટા નહીં એવા ભગવત્સ્વરૂપની સેવા સહજતાથી ઉપલબ્ધ વસ્તુઓથી કરવી. જેઓને સેવાવિધિ વગેરેનું પૂર્ણ જ્ઞાનન હોય અને / અથવા પરાધીન હોવાને કારણે અન્ય ભગવત્સ્વરૂપની સેવા કરવાની જેને અનુકુળતા ન હોય તેઓએ ચિત્રસ્વરૂપની સેવા કરવીજ યોગ્ય છે ॥૮૬, ૮૭॥

नात्र प्राणप्रतिष्ठादि व्यापकत्वादजीवतः ।।
स्थान-शुद्ध्यर्थमेवैतत् शब्दार्थमपि सद्गुरोः ।।८८।।

भावार्थ

परब्रह्म श्रीकृष्ण तो सर्वव्यापक होयवेतें अरु मनुष्य-देवता आदीन्के जेसें प्राकृत नाहीं होयवेतें श्रीकृष्णके सेव्यस्वरूपमें प्राणप्रतिष्ठा आदि शास्त्रीय विधि करिवेकी पुष्टिभक्तिसम्प्रदायमें आवश्यकता नाहीं. पूर्वश्लोकमें कहे संस्कार तो (जा शिला-धातु-काष्ठ आदिसों मूर्ति बनी हे वा) स्थानकी शुद्धिके अर्थ अरु गुरुकी आज्ञा प्राप्त करवेके अर्थ होत हे ।।८८।।

ગુજરાતી અનુવાદ

પરબ્રહ્મ શ્રીકૃષ્ણ તો સર્વવ્યાપક હોવાથી તેમજ મનુષ્ય-દેવતાની જેમ પ્રાકૃત ન હોવાથી શ્રીકૃષ્ણના સેવ્યસ્વરૂપમાં પ્રાણપતિષ્ઠા વગેરે શાસ્ત્રીય વિધિ કરવાની પુષ્ટિભક્તિસમ્પ્રદાયમાં આવશ્યકતા નથી મનાઇ. પૂર્વશ્લોકમાં કહેવાયેલા સંસ્કારો તો (જે શિલા-ધાતુ-કાષ્ઠ વગેરેથી મૂર્તિનું નિર્માણ થયું હોય તે) સ્થાનની શુદ્ધિમાટે તેમજ ગુરુની આજ્ઞા પ્રાપ્ત કરવામાટે હોય છે ॥૮૮॥

अशुचिस्पर्शने तस्याः तथा पञ्चामृतैरपि ।।
होमैर्दानेन संशोध्या वैदिकेन निजात्मवत् ।।८९।।

भावार्थ

कबहुक सेव्य भगवत्स्वरूपकों अपवित्रको स्पर्श होय जाय अथवा कोई अवैष्णव वाके दर्शन करि जाय तो जेसें स्नानादिसों अपन् अपनी शुद्धि करत हें तेसें सेव्यस्वरूपकी शुद्धि हु पञ्चामृतस्नान, होम, दान तथा वैदिक कर्म आदिसों करनी ।।८९।।

ગુજરાતી અનુવાદ

જો ક્યારેક સેવ્ય ભગવત્સ્વરૂપને અપવિત્રનો સ્પર્શ થઇ જાય અથવા કોઇ અવૈષ્ણવ તેના દર્શન કરી જાય તો જેમ સ્નાનાદિથી આપણે પોતાની શુદ્ધિ કરતા હોઇએ છીએ તેમ આપણા સેવ્યસ્વરૂપની પણ શુદ્ધિ પઞ્ચામૃતસ્નાન, હોમ, દાન તથા વૈદિક કર્મ આદિથી કરવી ॥૮૯॥

गुरुदत्तां स्वयंलब्धां भक्तैरपि सुपूजिताम् ।।
व्यङ्गाङ्गीमपि सेवेत यदि भावो नबाध्यते ।।९०।।

भावार्थ

गुरुद्वारा पधराई, स्वयंकूं कहुंते प्राप्त भई होय, अथवा पूर्वमें अन्य कोउ भगवदीयने जाकी सेवा करी होय एसी भगवन्मूर्तिकी सेवा होई सकत हे. एसें ही यदि भाव बाधित होतो नहोय तो खण्डित होय गई होय एसीहु भगवन्मूर्तिकी सेवा होई सकत हे ।।९०।।

ગુજરાતી અનુવાદ

ગુરુએ પધરાવી આપેલી, પોતાનેજ ક્યાંકથી પ્રાપ્ત થયેલી અથવા પૂર્વે અન્ય કોઇ ભગવદીયે જેની સેવા કરી હોય તેવી ભગવન્મૂર્તિની સેવા કરી શકાય. તે જ પ્રમાણે જો પોતાનો ભાવ બાધિતથતો નહોય તો ખણ્ડિત થઇ ગઇ હોય તેવી પણ ભગવન્મૂર્તિની સેવા પુષ્ટિભક્તિસમ્પ્રદાયમાં કરી શકાય છે ॥૯૦॥

(नित्यसेवाके स्वरूपके उपदेशको उपक्रम)

(१. उपक्रम)

प्रातरारभ्य मध्याह्नावधिः चैवापराह्णके ।।
तत्तल्लीलानुभावेन भजेत् स्व-गुरु-सम्मताम् ।।९१।।

भावार्थ

प्रातःकालसों आरम्भ करके मध्याह्न पर्यन्त तेसेंई सायंकालमें तत्तत्कालानुरूप प्रभून्की लीलाकी भावना करते भये अपने गुरुकी सम्मति होय एसे भगवत्स्वरूपकी सेवा करे ।।९१।।

ગુજરાતી અનુવાદ

પ્રાતઃકાલથી આરમ્ભ કરીને મધ્યાહ્ન પર્યન્ત અને તે જપ્રમાણે સાયંકાલમાં પણ તત્તત્કાલના અનુરૂપ પ્રભુની લીલાઓની ભાવના કરતા-કરતા પોતાના ગુરુની સમ્મતિ હોય એવા ભગવત્સ્વરૂપની સેવા કરવી ॥૯૧॥

वस्त्रैश्च भूषणैर् गन्धैः नैवेद्यैर् व्यञ्जनैः शुभैः ।।

देश-काल-विभूतीनाम् अनुसारेण सेवनम् ।।९२।।

भावार्थ

भावार्थ : *देश, काल अरु द्रव्य सम्बन्धी अपनी सामर्थ्यके अनुसार प्राप्त उत्तम वस्त्र, आभूषण, अत्तर-चन्दन-केशर-गुलाबजल आदि सुगन्धित पदार्थ तथा विविध प्रकारके आरोगायवेकी सामग्रीन् सों श्रीकृष्णकी सेवा करे ।।९२।।*

ગુજરાતી અનુવાદ

દેશ, કાળ તેમજ દ્રવ્ય સમ્બન્ધી પોતાની શક્તિ અનુસાર પ્રાપ્ત થયેલ ઉત્તમવસ્ત્ર, આભૂષણ, અત્તર-ચન્દન-કેશર-ગુલબજલ આદિ સુગન્ધિત પદાર્થો તેમજ વિવિધ પ્રકારની આરોગાવવાની સામગ્રીઓ થી શ્રીકૃષ્ણની સેવા કરે ॥૯૨॥

प्रेम्णा परिचरेत् साधुः यावज्जीवं समाहितः ।।
तेनास्य भावना-सिद्धिः यया स्यात् कृत-कृत्यता ।।९३।।

भावार्थ

भावार्थ : *सत्पुरुषकों जीवनपर्यन्त एकनिष्ठ होयके प्रेमसों श्रीकृष्णकी सेवा करनी. एसें सेवा करेतें भक्तिभाव दृढ़ होत हे. भक्तिके दृढ़भयेतें भक्त कृतकृत्य होय जात हे ।।९३।।*

(२. प्रातःकालमें जागरणके पश्चात्त भगवत्स्मरण स्नान शौच आचमन आदिके नियम)

ગુજરાતી અનુવાદ

સત્પુરુષે જીવનપર્યન્ત એકનિષ્ઠ બનીને પ્રમેથી શ્રીકૃષ્ણની સેવા કરવી. આમ કરવાથી ભક્તિભાવ દૃઢ થાય છે. ભક્તિ દૃઢ થવાથી ભક્ત કૃતકૃત્ય બને છે ॥૯૩॥

प्रातः पाश्चात्ययामेऽसौ समुत्थाय शुचिर्धिया ।।
स्मरेद् भगवतो लीलां गायेत् तस्य गुणान् गिरा ।।९४।।

भावार्थ

सूर्योदयके पूर्व प्रहरमें जागिके शुद्ध होइ बुद्धिपूर्वक भगवान्की लीलाको स्मरण करे अरु वाणीसों भगवान्के गुणन्को गान करे ।।९४।।

ગુજરાતી અનુવાદ

સૂર્યોદયથી એક પ્રહર પહેલાં જાગીને શુદ્ધ થઈને બુદ્ધિપૂર્વક ભગવાનની લીલાનું સ્મરણ કરે અને વાણીથી ભગવાનના ગુણોનું ગાન કરે ॥૯૪॥

प्रातः कृत्यं ततः कार्यं बहिर्गत्वा यथोदितम् ।।
मुखशुद्धिस्ततो नित्यं सौगन्धाभ्यञ्जनं भवेत् ।।९५।।

भावार्थ

ता पाछें घरसों बाहिर जायकें मलोत्सर्गादि देहकृत्य करने. मुखशुद्धि करनी. ता पाछें सुगन्धयुक्त तेलसों शरीरपें मालिश करनी ।।९५।।

ગુજરાતી અનુવાદ

તે પછી ઘરથી બહાર જઈને મલોત્સર્ગાદિ દેહકૃત્ય કરવું. મુખશુદ્ધિ કરવી. તે પછી સુગન્ધી તેલથી શરીરની માલિશ કરવી ॥૯૫॥

मलस्नानं गृहे कार्यं तप्तोदकपरोदकैः ।।
तस्योपरि श्रीयमुनाजलैः स्नानं स्तवैश्च वा ।९६।।
तीर्थस्थाने मलस्नानं कृत्वा तीरेऽभिमज्जनम् ।।

भावार्थ

घरमें मलस्नान समोये जलसों अथवा परोदकसों करनो. मलस्नान करे पाछें यदि उपलब्ध होय तो श्रीयमुनाजलसों अरु उपलब्ध न होय तो सामान्य जलसों ही स्नानमन्त्रके उच्चारपूर्वक स्नान करनो. अरु तीर्थमें स्नान तो मलस्नान करे पाछें ही करनो ।।९६ ९७ १/२।।

सो काहेते जो ''**नित्यं नैमित्तिकं चैव क्रियाङ्गं मलकर्षणं, तीर्थाभावेतु कर्तव्यम् उष्णोदकपरोदकैः**''*(आचारमयूख, मलापकर्षस्नानम् यमस्मृतिकारिका),* ''**स्नानं नदीदेवखातह्लदेषु चसरस्सु च, पञ्चपिण्डाननुद्धृत्य न स्नायात् परवारिणि**'' *(तत्रैव, अथ स्नानं, योगयाज्ञवल्क्यकारिका)* ''**परसत्ताके अनुत्सृष्टजले मृत्पिण्डपञ्चकोद्धरणाभावे नस्नायाद् इति अन्तिमार्धार्थः**'' *(टीकायाम्).*

(३. स्नान करे पाछें वस्त्रधारण करिवेकी, घरकों लोटवेकी, तिलक-छापा धारण करिवेकी, भगवच्चरणामृत लेयवेकी, तुलसीमाला धारण करिवेकी, प्रातःसन्ध्या-जपकी रीति)

ગુજરાતી અનુવાદ

ઘરમાં મલસ્નાન હુંફાળા પાણીથી અથવા પરોદકથી કરવું. મલસ્નાન કર્યા બાદ જો ઉપલબ્ધ હોય તો શ્રીયમુનાજલથી અને જો ન હોય તો સામાન્ય જલથીજ સ્નાનમન્ત્રના ઉચ્ચાર પૂર્વક સ્નાન કરવું. અને તીર્થમાં સ્નાન તો મલસ્નાન કર્યા પછીજ કરવું ॥૯૬ ૯૭ ૧/૨॥

ततस्तु धारणं शुद्धकौशेयाम्बरयुग्मयोः ।।९७।।
पादुकाभिर्गृहे यानं स्पर्शनं नैव कस्यचित् ।।९८ १/२।।

भावार्थ

ता पाछें शुद्ध रेशमी वस्त्र धारण करिके, पांवन्में पादुका पहरिके घर आनो. बीचमें काहुको स्पर्श करनो नाहीं ।।९७ ९८ १/२।।

ગુજરાતી અનુવાદ

તે પછી શુદ્ધ રેશમી વસ્ત્ર ધારણ કરીને, પગમાં પાદુકા પહેરીને ઘરે આવવું. ઘરે આવતાં વચ્ચ કોઇનો પણ સ્પર્શ નકરવો ॥૯૭ ૯૮ ૧/૨॥

कुङ्कमस्योर्ध्वपुण्ड्राणि द्वादशाङ्गेषु नामभिः ।।९८।।

शंख-चक्रादि-मुद्राश्च गोपी-चन्दन-मृत्स्नया ।।९९ १/२।।

भावार्थ

बारहों अङ्गन्पें भगवन्नामन्को उच्चारण करते भये कुङ्कुमसों ऊर्ध्वपुण्ड्र तिलक करने. गोपीचन्दनकी माटीसों शंख-चक्रादि साम्प्रदायिक मुद्रा हु अङ्कित करनी. एसे करेतें इन्द्रियन्की भगवत्सेवाके लायक आध्यात्मिक शुद्धि होत हे ।।९८ ९९ १२.।।

ગુજરાતી અનુવાદ

બારે અઙ્ગો ઉપર ભગવન્નામના ઉચ્ચારણ પૂર્વક પ્રસાદી કઙ્કુથી ઊર્ધ્વપુણ્ડ્ર તિલક કરવા. ગોપીચન્દનની માટીથી શઙ્ખ-ચક્ર વગેરે સામ્પ્રદાયિક મુદ્રાઓ પણ અઙ્કિત કરવી. આમ કરવાથી ઈન્દ્રિયોની ભગવત્સેવાયોગ્ય આધ્યાત્મિક શુદ્ધિ થાય છે ॥૯૮ ૯૯ ૧/૨॥

चरणामृतपानं चलेपश्चापि विशुद्धये ।।९९।।
ततस्तु तुलसीमालां धृत्वा सन्ध्यां समाचरेत् ।।१०० १/२।।

भावार्थ

ता पाछें प्रभून्के चरणामृत-जलको पान अरु अङ्गन्पें लेपन करनो. ता पाछें तुलसीकी माला-कंठी धारण करिके सन्ध्या-जपादि करने ।।९९ १०० १/२।।

(४. भगवत्सेवारम्भविधि)

ગુજરાતી અનુવાદ

તે પછી પ્રભુના ચરણામૃત-જલનું પાન અને શરીર ઉપર લેપ-છંટકાવ કરવો. તે પછી તુલસીની માળા-કંઠી ધારણ કરીને સન્ધ્યા-જપ વગેરે કરવા. (તુલસીમાળા ધારણ કરવા બાબત શાસ્ત્રમાં બન્ને પરમ્પરા જોવા મળે છે ૧. નિત્ય અને ૨. સેવાઙ્ગ.)॥૯૯ ૧૦૦ ૧/૨॥

परिचर्या हरेः कार्या परिवारजनैः सह ।।१००।।
गत्वा हरिपदं पद्भ्यां स्तुत्वा द्वारं प्रणम्य च।।
प्रविश्य मार्जनैर्लेपैः पात्राणां शोधनं चरेत् ।।१०१।।

भावार्थ

परिवारके लोगन्के सङ्ग मिलिके प्रभून्की सेवा-परिचर्या करे. पांवन्सों चलके प्रभून्के बिराजवेके स्थानकों जाय. भगवन्मन्दिरके द्वारन्के आगें स्तुति-प्रणाम करिके मन्दिरके भीतर प्रवेश करे. सुवर्ण-रजतादिके पात्रन्कों मांजिके अरु माटीके पात्रन्कों लींपीके शुद्ध करे ।।१००, १०१।।

(५. भगवत्प्रबोधन)

ગુજરાતી અનુવાદ

પરિવારજનોની સાથે હળી-મળીને પ્રભુની સેવા-પરિચર્યા કરવી. પગે ચાલીને પ્રભુના બિરાજવાના સ્થાનમાં જવું. ભગવન્મન્દિરના દ્વારે સ્તુતિ-પ્રણામ કરીને મન્દિરની અંદર પ્રવેશવું. સોના-ચાંદીના પાત્રોને માંજીને અને માટીના પાત્રોને લીંપીને શુદ્ધ કરવા ॥૧૦૦, ૧૦૧॥

सम्भृत्य सर्वसम्भारं प्रातराशादिपूर्वकम् ।।
प्रबोध्य श्रीहरिं प्रेम्णा मुखशुद्ध्यंशुकादिभिः ।।१०२।।
अलंकृत्य ततः सिंहासने समुपवेशयेत् ।।१०३ १/२।।

भावार्थ

मङ्गलभोग, जलपानकी झारी आदि सर्व वस्तु पहिलेसों ही साजिके राखनी. ता पाछें प्रभून्कों प्रेमसों जगावने. आचमन-मुखवस्त्र करायके अस्तव्यस्त

भये आभूषणन्कों आछी भांतिसों धरायके प्रभून्कों सिंहासनपें पधरावने ।।१०२, १०३ १/२।।

ગુજરાતી અનુવાદ

મઙ્ગલભોગ, જલપાનની ઝારી વગેરે બધી વસ્તુઓ પહેલેથીજ સાજીને રાખવી. તે પછી પ્રભુને પ્રેમથી જગાવવા. આચમન-મુખવસ્ત્ર કરાવીને અસ્તવ્યસ્ત થયેલા આભૂષણોને વ્યવસ્થિત કરીને પ્રભુને સિંહાસન ઉપર પધરાવવા ॥૧૦૨, ૧૦૩ ૧/૨॥

(मङ्गलभोग, आरती, स्नान की विधि)

हैयङ्गवीनपक्वान्नैः ताम्बूलैः सुजलैर्यजेत् ।।१०३।।
ततो नीराजनं कार्यं मङ्गलं गीतवाद्यकैः ।।१०४ १/२।।

भावार्थ

मङ्गलभोगमें ताजो माखन, ठोर-मठरी आदि पक्वान्न, सुमधुर ताजा जल समर्पे. ता पाछें भोग सरायके बीरा समर्पे. समयानुरूप वाद्य सहित मङ्गलाके कीर्तन करे. पाछें मङ्गल आरती करे ।।१०३, १०४ १/२।।

ગુજરાતી અનુવાદ

મઙ્ગલભોગમાં તાજું માખણ, ઠોર-મઠળી વગેરે પક્વાન્ન તથા સુમધુર તાજું જલ સમર્પવું. તે પછી ભોગ સરાવીને બીડાં સમર્પવા. સમયાનુરૂપ વાદ્ય સહિત મઙ્ગલાના કીર્તન કરવા. મઙ્ગલ આરતી કરવી ॥૧૦૩, ૧૦૪ ૧/૨॥

अभ्यङ्गोन्मर्दनैः स्नानं गृहस्नानविधानतः ।।१०४।।
स्तुत्वा कलिन्दजां स्नाते कुर्यात् सम्प्रोञ्छनांशुकम् ।।१०५ १/२।।

भावार्थ

सुगन्धित तेल-आंवरा-चन्दन-केशर आदि समर्पिके, घरमें स्नान करिवेके शास्त्रीय विधानसों, श्रीयमुनाजीकी स्तुति करिके प्रभून्कों स्नान करावने. ता पाछें अति कोमल सूतिवस्त्रसों श्रीअंग पोंछनो ।।१०४, १०५ १/२।।

ગુજરાતી અનુવાદ

સુગન્ધિત તેલ-આંબળા-ચન્દન-કેશર આદિ સમર્પીને, ઘરમાં સ્નાન કરવાના શાસ્ત્રીય વિધાનથી, શ્રીયમુનાજીની સ્તુતિ કરીને પ્રભુને સ્નાન કરાવવું. તે પછી

અતિ કોમળ સૂતરાઉ વસ્ત્રથી શ્રીઅઙ્ગને પોંછવું ॥૧૦૪, ૧૦૫ ૧/૨॥

(शृंगार धराने, बीड़ा धरनो, आरसी दिखावनी, ऋतु-कालानुसार सजावट धरनी, पाछे गावत-बजावत दूप-दीप-आरती करती बिरियां यदि निजजन भक्त होंय तो तिनकों दर्शन कराने होंय तो कराने)

शृङ्गारं रञ्जितैर् वस्त्रैः चित्रैराभरणैरपि ।।१०५।।
मायूरमुकुटै रम्यैः वेणुवेत्रैः सुमाल्यकैः ।।
वितानैः प्रसरैः शुभ्रैः प्रतिसीरैर्नवैर्नवैः ।।१०६।।
जल-क्रीडोपस्करैश्च ताम्बुलामोद-दर्पणैः ।।
व्यजनैर् जलभृङ्गारैः देशकालानुसारिभिः ।।१०७।।
अलंकृत्यैव सप्रेम स्वीयान् भक्तान् प्रदर्शयेत् ।।
तौर्यत्रिकेन तत्रापि धूप-दीपादिनार्तिकम् ।।१०८।।

भावार्थ

ता पाछें ऋतु-कालके अनुसार रंगे भये वस्त्र, विविध आभरण, सुन्दर मोरपंखके मुकुट, बंसी-छड़ी, सुन्दर माला अरु नवीन-नवीन आभूषण सों प्रभून्के शृंगार करे. उज्वल चंदोवा, बिछौना, पिछवाइ अरु जलक्रीडाकी वस्तु आदिकूं सजावे. ता पाछें नृत्य-गीत-वाद्य सहित धूप-दीप-आरती करती बिरियां यदि निजजन भक्त होंय तो तिनकों दर्शन कराने होंय तो करानें ।।१०५, १०८।।

ગુજરાતી અનુવાદ

તે પછી ઋતુ-કાલના અનુસાર રંગીન વસ્ત્ર, વિવિધ આભરણ, સુન્દર મોરપંખનું મુકુટ, બંસી-છડી, સુન્દર માલા અને નવીન-નવીન આભૂષણ થી પ્રભુના શૃંગાર કરવા. ઉજ્વલ ચન્દોવા, બિછોના, પિછવાઇ અને જલક્રીડાની વસ્તુ વગેરે સજાવવી. તે પછી નૃત્ય-ગીત-વાદ્ય સહિત ધૂપ-દીપ-આરતી કરતી વખતે જો નિજજન ભક્ત હાજર હોય તો તેઓને દર્શન કરાવવા હોય તો કરાવવા ॥૧૦૫, ૧૦૮॥

ततो नानाविधैः शुद्धैश्चतुर्विध-सुभोजनैः ।।
सम्भृतं स्वर्णपात्रन्तु हरेरग्रे निवेदयेत् ।।१०९।।

भावार्थ

ता पाछें विविध प्रकारके लेह्य, चोष्य, पेय अरु खाद्य एसें चार्यों प्रकारके शुद्ध स्वादिष्ट भोजनसों पूर्ण सोनेके पात्रन्कों श्रीहरिके सम्मुख पधरावने ।।१०९।।

ગુજરાતી અનુવાદ

તે પછી વિવિધ પ્રકારના લેહ્ય, ચોષ્ય, પેય તેમજ ખાદ્ય એમ ચારે પ્રકારના શુદ્ધ સ્વાદિષ્ટ ભોજનથી પૂર્ણ સોનાના પાત્રોને શ્રીહરિની સમ્મુખ પધરાવવા ॥૧૦૯॥

तुलसीं शंख-तोयेन गायत्र्यास्मिन् निधाय च।।
''एतत् समर्पितं देव भक्त्या मे प्रतिगृह्यताम्'' ।।११०।।
राजभोगं समर्प्यैवं, बहिर्गोग्रासम् आचरेत् ।।
ततोऽवशिष्टं जाप्यादि माध्याह्निकम् इहाचरेत् ।।१११।।

भावार्थ

ता पाछें गायत्री मन्त्रके उच्चारणपूर्वक शंखके जलसों भोगके पात्रन्में तुलसी पधरायके विज्ञप्ति करे : ''हे देव! मेरेद्वारा भक्तिभावसों समर्पित ये भोग-समग्रीको स्वीकार करो''. या प्रकारसों राजभोग समर्पिके (श्रीनन्दरायजी-श्रीयशोदाजी श्रीकृष्णकों भोजन करावेतें पहिले भूतयज्ञके शास्त्रीयविधानानुसार गोग्रास देत हें वा भावसों) बहार गोग्रास देनों. ता पाछें शेष रहे जप आदि करने ।।११०, १११।।

(७. राजभोग आरती अरु सेवानवसरके कार्य)

ગુજરાતી અનુવાદ

તે પછી ગાયત્રી મન્ત્રના ઉચ્ચાર પૂર્વક શંખના જલથી ભોગના પાત્રોમાં તુલસી પધરાવીને વિજ્ઞપ્તિ કરવી : ‘‘હે દેવ! મારાદ્વારા ભક્તિભાવથી પમર્પિત આ ભોગ-સામગ્રીનો સ્વીકાર કરો’’. આ પ્રમાણે રાજભોગ સમર્પીને (શ્રીનન્દરાયજી-શ્રીયશોદાજી શ્રીકૃષ્ણને ભોજન કરવવાથી પહેલાં ભૂતયજ્ઞના શાસ્ત્રીય વિધાન અનુસાર ગોગ્રાસ આપે છે તે ભાવથી) બહાર ગોગ્રાસ આપવો. તે પછી નિયમાનુસાર કરવાના બાકી રહી ગયેલા જપ વગેરે કરવા ॥૧૧૦, ૧૧૧॥

ततस्त्वाचमनं दत्वा ताम्बूलं माल्यजां स्त्रजम् ।।
अपसार्य विशोध्यात्र नैवेद्यं जलमानयेत् ।।११२।।

भावार्थ

ता पाछें समय भये प्रभून्कों आचमन करायके बीरा पुष्पमाला-पुष्पगुच्छ समर्पने. भोग धरे होंय सो सब सरायके वा स्थानकूं शुद्ध करनो. प्रभून्कों अरोगायवेकूं जलकी झारी पधरावनी ।।११२।।

ગુજરાતી અનુવાદ

તે પછી સમય થયે પ્રભુને આચમન કરાવીને બીડાં, પુષ્પમાલા-પુષ્પગુચ્છ સમર્પવા. ભોગ સમર્પ્યા હોય તે સર્વે સરાવીને તે સ્થાનને શુદ્ધ કરવું. પ્રભુને આરોગવાના જલની ઝારી પધરાવવી ॥૧૧૨॥

ततो राजविभूतीनाम् आदर्शैश्चामरैर्भजेत् ।।
गीताद्युत्सवतो ह्येनं नीराज्य चप्रणम्य च।।११३।।
हृदि कृत्वा पिधायास्य मन्दिरं बहिराव्रजेत् ।।
स्त्रग्-गन्धादि शिरो-धृत्वा प्रणम्यैव गृहं व्रजेत् ।।११४।।
माध्याह्निकं समाप्यैव श्रीमद्भागवतं पठेत् ।।११५ १/२।।

भावार्थ

ता पाछें राजाधिराज प्रभूनकों दर्पण दिखावे, चामर ढुरावे, प्रभूनके आगें नृत्य-वाद्य सहित कीर्तन गान करे. मध्याह्न आरती करिके प्रभूनकों प्रणाम करे. प्रभूनकों हृदयमें धारण करिके भगवन्मन्दिरके द्वारनकों मङ्गल करिके बाहिर जाय. भगवत्प्रसादरूप माला-बीरा-चन्दनादिकों माथें चढ़ायके द्वारकों प्रणाम करिके (अपने ही घरपरिसरमें स्थित भगवन्मन्दिरसों भिन्न अपने) निवासस्थानकों जाय. मध्याह्नकालीन कर्मकों पूर्ण करिके श्रीमद्भागवत बांचे ।।११३, ११५ १/२।।

(८. भगवन्महाप्रसाद ग्रहण करिके पाछें करिवेके कृत्य)

ગુજરાતી અનુવાદ

તે પછી રાજાધિરાજ પ્રભુને દર્પણ દેખાડવું, ચામર કરવી, પ્રભુની આગળ નૃત્ય-વાદ્યસહિત કીર્તનનું ગાન કરવું. મધ્યાહ્ન આરતી કરીને પ્રભુને પ્રણામ કરવા. ભાવનાથી પ્રભુને હૃદયમાં પધરાવીને ભગવન્મન્દિરના દ્વારોને મઙ્ગલ કરીને બહાર આવવું. ભગવત્પ્રસાદી માલા-બીડાં-ચન્દન વગેરેને આદર પૂર્વક માથે ચઢાવીને દ્વારને પ્રણામ કરીને (પોતાના જ ઘરપરિસરમાં સ્થિત ભગન્મન્દિરથી જુદા પોતાના) નિવાસસ્થાનમાં જવું. મધ્યાહ્નકાલીન કર્મને પૂર્ણ કરીને શ્રીમદ્ભાગવત વાંચવું ॥૧૧૩, ૧૧૫ ૧/૨॥

ततो भक्तजनेभ्योऽस्य प्रसादं शक्तितो भजेत् ।।११५।।
समागतेभ्यो विप्रेभ्यो दीनेभ्यश्च यथायथम् ।।
दत्वा स्वीय-जनैर्भुक्तिः वैश्वदेवोऽपि तत्र वै ।।११६।।

भावार्थ

ता पाछें घर आये भक्तजननकों प्रभूनको महाप्रसाद शक्ति अदेय. एसें ही आये भये ब्राह्मणन्कों अरु गरीबन्कों हु यथायोग्य महाप्रसाद-दान-दक्षिणा देवे. वैश्वदेव हु महाप्रसादसों ही करे. ता पाछें परिवारजनके सङ्ग भगवन्महाप्रसादको भोजन करे ।।११५, ११६।।

ગુજરાતી અનુવાદ

તે પછી ઘરે આવેલા ભક્તજનોને પ્રભુનો મહાપ્રસાદ શક્તિ અનુસાર આપવો. તે જ પ્રમાણે અભ્યાગત બ્રાહ્મણતેમજ ગરીબ જનોને પણ યથાયોગ્ય મહાપ્રસાદ-દાન-દક્ષિણા આપવા. વૈશ્વદેવ પણ મહાપ્રસાદથી કરવો. તે પછી પરિવારજનોની સાથે પ્રભુનો મહાપ્રસાદ લેવો ॥૧૧૫, ૧૧૬॥

ततो वार्ता स्वकीयानां बहु-पापैरनाकुलाम् ।।
यात्रार्थमेव सेवेत नाभिवेशोऽत्र सञ्चरेत् ।।११७।।
सम्पन्न-वृत्तिः भक्तानां शास्त्राणि परिभावयेत् ।।
सर्वथा वृत्यभावेतु याममात्रं भजेद् हरिम् ।।११८।।
दरिद्रश्च कुटुम्बार्तः विद्वान् भागवतं पठेत् ।।
अविद्वानस्य सेवायां साहाय्यं श्रवणं चवा ।।११९।।

भावार्थ

ता पाछें बहुत पापसों चित्तकों व्याकुल न करे एसी जीवनव्यवहार चलायवेमें उपयोगी अनिवार्य एसी परिवारजन सम्बन्धि बातचीत करे. परन्तु तामें अपने मनको अभिनिवेश/ लगाव नराखे. धनसम्पन्न भक्तन्कों सेवाके अनवसरमें शास्त्रन्को अवगाहन करनो. धनसम्पन्न नहोय तो एक याम प्रभून्की सेवा करिके शेष समयमें आजीविकाके उपाय करने. तामें हु जो असमर्थ एसो कोई अत्यन्त गरीब भक्त होय अरु पारिवारिक प्रतिबन्धवारो होय तातें यदि

एक समय हु भगवत्सेवा करि नसके तो, पढ़्यो-लिख्यो होय तो, भागवतको पाठ करे. यदि पढ़्यो-लिख्यो नहोय तो जो विद्वान् भक्त प्रभुसेवा करतो होय वाकी परिचर्या करे अरु वो जब भगवद्गुणगान, भागवतपाठ आदि करे तब वाको श्रवण करे ।।११७, ११९।।

(९. सायंकृत्यके पाछें प्रभूनके उत्थापनको प्रकार)

ગુજરાતી અનુવાદ

તે પછી બહુ પાપથી ચિત્ત વ્યાકુળ ન બને એવી જીવનવ્યવહારને ચલાવવામાં ઉપયોગી તેમજ અનિવાર્ય હોય તેવી પરિવારજન સમ્બન્ધિ વાત-ચીત કરવી. તેમાં પણ, પરન્તુ, મનનો અભિનિવેશ/ લગાવ નરાખવો. ધનસમ્પન્ન ભક્તોએ સેવાના અનવસરમાં શાસ્ત્રનું અવગાહન કરવું. ધનસમ્પન્ન ન હોય તો એક સમય પ્રભુની સેવા કરીને બાકીના સમયમાં આજીવિકાનો ઉપાય કરવો. તેમાં પણ જો અસમર્થ એવો કોઇ અત્યન્ત ગરીબભક્ત હોયઅને વળી પારિવારિક પ્રતિબન્ધવાળો હોવાથી જો એક સમય પણ ભગવત્સેવા કરી શકે તેમ ન હોય તો, ભણેલો-ગણેલો હોય તો, ભાગવતનો પાઠ કરે. જો ભણેલો નહોય તો કોઇ પરિચિત વિદ્વાન્ ભક્ત પ્રભુસેવા કરતો હોય તેની પરિચર્યા કરે અને તે જ્યારે ભગવદ્ગુણગાન, ભગાવતપાઠ આદિ કરતો હોય ત્યારે તેનું શ્રવણ કરે ॥૧૧૭, ૧૧૯॥

सायंसन्ध्याथ पुण्ड्राणि धृत्वा ताम्बूलतो मुखम् ।।
संशोध्याचम्य शुद्धोऽसौ प्रभोरुत्थापनं चरेत् ।।१२०।।
कन्दमूलैः फलैर्गव्यैः सुमाल्यैः सुजलैरपि ।।
सन्तोष्य मुरजादीनां सङ्गीतेनापि तोषयेत् ।।१२१।।

गायेद् भक्तकृतैः पद्यैः हृद्यैर्लीलारहस्यकैः ।।
ततो नीराजयेन् नाथम् आयान्तं व्रजमण्डले ।।१२२।।

भावार्थ

ता पाछें आचमन करिके बीरीसों मुखकों शुद्ध करिके, ऊर्ध्वपुण्ड्र तिलक धारण करिके सायंकालीन सन्ध्या करनी. एसें शुद्ध भयो भक्त प्रभुके उत्थापन समयकी सेवा करे. उत्थापन भोगमें कन्दमूल, फल, दूध-दही आ॰ माला धरावे. नवीन जलसों झारी भरे. मृदङ्ग आदि वाद्य-सङ्गीतसों प्रभून्कों प्रसन्न करे. हृदयके भावसों भक्तन्के द्वारा रचित लीला-रहस्यके पद्यन्सों भगवल्लीलाको गान करे. ता पाछें व्रजमण्डलमें पधारते भये प्रभून्की आरती करे ।।१२०, १२२।।

(१०. शयनभोग, शयनारती आदि कृत्य)

ગુજરાતી અનુવાદ

તે પછી આચમન કરીને, પાન-બીડાં વડે મુખશુદ્ધિ કરીને, ઊર્ધ્વપુણ્ડ્ર તિલક ધારણ કરીને, સાયંકાલીન સન્ધ્યા કરવી. આ પ્રમાણે શુદ્ધ બનીને પ્રભુની ઉત્થાપન સમયની સેવામાં જવું. ઉત્થાપન ભોગમાં કન્દમૂલ, ફળ, દૂધ-દહી વગેરે સમર્પવા. માલા ધરાવવી. નવીન જલથી ઝારી ભરવી. મૃદઙ્ગ વગેરે વાદ્ય-સઙ્ગીતથી પ્રભુને પસન્ન કરવા. હૃદયના ભાવથી ભક્તોદ્વારા રચિત લીલા-રહસ્યના પદ્યોથી ભગવલ્લીલાનું ગાન કરવું. તે પછી વ્રજમણ્ડલમાં પધારી રહેલા પ્રભુની આરતી કરવી ॥૧૨૦, ૧૨૨॥

सायंकालेऽपि नैवेद्यं यथा-विभव-विस्तरः ।।
नीराजनं चशयनं यथायोग्यं विभावयेत् ।।१२३।।

भावार्थ

संझा समय हु सामर्थ्यके अनुसार विस्तारसों भोग धरावने, आरती करनी अरु प्रभूनकों शयन करावने ।।१२३।।

(११. सोयवेसों पूर्वके कृत्य)

ગુજરાતી અનુવાદ

સાંજના સમયે પણ શક્તિ અનુસાર વિસ્તારથી ભોગ આદિ ધરવા, આરતી કરવી અને પ્રભુને શયન કરાવવા ॥૧૨૩॥

सायंसन्ध्या-ऽऽहुतीश्चापि कृत्वा भुक्त्वा निवेदितम् ।।
कथयेद् शृणुयाद् वापि लीलां भगवतोऽन्वहम् ।।१२४।।
ततः शयीत शुद्धोऽसौ भावयन् भगवत्पदम् ।।

सुतार्थिनी स्वपत्नी चेद् व्रजेत् तां जेतुमिन्द्रियम् ।।१२५।।
इत्येवं यस्य दिवसा यान्ति भक्तस्य भूतले ।।
सएव कृतकृत्योऽस्ति हरिस्तमनुश्लिष्यति ।।१२६।।

भावार्थ

ता पाछें संझा समयके सन्ध्या-होम करिके प्रभून्कों निवेदित करे महाप्रसादको भोजन करिके दिनके पाछिले समयमें प्रभून्की लीलान्को श्रवण-कीर्तन करे. या प्रकार दिनभर भगवदेकतान रह्यो शुद्ध भक्त भगवान्के चरणन्को भावन करत-करत शयन करे. पत्नी यदि पुत्रकी कामनावारी होय तो अपनी इन्द्रियें असंयत न होय जांय एसी भावनासूं वाके निकट जाय. या प्रकारसों भूतलपें जा भक्तको दिवस व्यतीत होत हे वो निश्चय ही कृतकृत्य हे, श्रीहरि वाकों प्राप्त होवें हें ।।१२४, १२६।।

ગુજરાતી અનુવાદ

તે પછી સાંજના સમયે સન્ધ્યા-હોમ કરીને પ્રભુને નવેદિત કરેલ મહાપ્રસાદનું ભોજન કરીને દિવસના પાછલા સમયમાં પ્રભુની લીલાઓનું શ્રવણ-કીર્તન કરવું. આ પ્રકારે આખો દિવસ ભગવદેકતાનતામાં વીતાવનારો શુદ્ધ ભક્ત ભગવાનના ચરણોનું ભાવન કરતો-કરતો શયન કરે. પત્ની જો પુત્રની કામનાવાળી હોય તો પોતાની ઈન્દ્રિયો અસંયત બની નજાય તેવી ભાવનાથી તેની પાસે જાય. આ પ્રકારે ભૂતલ ઉપર જે ભક્ત પોતાનો દિવસ વ્યતીત કરે છે તે ચોક્કસ કૃતકૃત્ય બને છે, શ્રીહરિ તેને અવશ્ય પ્રાપ્ત થાય છે ॥૧૨૪, ૧૨૬॥

(ग्रन्थको उपसंहार)

इत्येवं भक्तिशास्त्रेषु यदाचारो निरूपितः ।।
तदाचारं भजेदत्र नान्यथा गतिरिष्यते ।।१२७।।

।। इति श्रीमद्भगवद्वदनावतार-श्रीवल्लभदीक्षिततनुज-श्रीगोपीनाथ-दीक्षित-विरचिता ।।

भावार्थ

या प्रकारसों या भक्तिशास्त्रमें जो आचार निरूपित भयो हे वा आचारको अनुसरण करनो. यासों अन्य प्रकारसों आचरण पुष्टिभक्तिमार्गीय भक्तन्कों इष्ट सिद्धिप्रद नाहीं हे ।।१२७।।

।। इति श्रीमद्भगवद्-वदनावतार-श्रीवल्लभदीक्षित-तनुज-श्रीगोपीनाथ-दीक्षित-विरचित ।।

।। साधनदीपिकाको व्रजभाषा भावानुवाद समाप्त भयो ।।

ગુજરાતી અનુવાદ

આ પ્રકારે આ ભક્તિશાસ્ત્રમાં જે આચારનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે આચારનું અનુસરણ કરવું. આથી અન્ય પ્રકારનું આચરણ પુષ્ટિભક્તિમાર્ગીય ભક્તને માટે ઇષ્ટસિદ્ધિ આપનારું નથી ॥૧૨૭॥

।। इति साधनदीपिका सम्पूर्णः ।।